સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત
## ધ સેમિકંડક્ટર હબ

### સેમિકંડક્ટર ઉદ્યોગ બન્યાં સાણંદની આગવી ઓળખ



## સેમિકંડક્ટર ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ઈતિહાસ



- સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે **₹1.24 લાખ કરોડ**નું રોકાણ આકર્ષિત કર્યું છે
- રાજ્યમાં **50,000**થી વધુ **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** રોજગારીની તકો ઊભી થશે
- દેશમાં સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર પ્રથમ રાજ્ય બન્યું **ગુજરાત**
- **ધોલેરા SIR**માં 28 નેનોમીટરની ચિપ્સના ઉત્પાદનથી ભારતને નવી ઔદ્યોગિક ઓળખ મળશે
- ધોલેરા **'સેમિકંડક્ટર-રેડી'** સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત થશે
- IIT ગાંધીનગર ખાતે **₹194.21 કરોડ**ના ખર્ચે કાર્યરત **'SAMARTH'** પ્રોજેક્ટ હેઠળ આગામી **5 વર્ષમાં 2,600થી વધુ નિષ્ણાત એન્જિનિયરો** તૈયાર થશે

માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે; સાણંદ હવે માત્ર ગુજરાતનું જ નહીં, પરંતુ નૂતન ભારતના **'સેમિકંડક્ટર સેક્ટર'**નો પર્યાય બનવા જઈ રહ્યું છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### પ્રી-મોન્સૂન પ્લાનિંગ 'પાણીમાં'

## બીલીમોરામાં અનેક જગ્યાઓ સ્વીમિંગ પૂલમાં ફેરવાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૩ :** ગુરુવારે રાતથી શરૂ થયેલા વરસાદે બીલીમોરા નગરપાલિકાના પ્રી-મોન્સૂન પ્લાનિંગ અને વહીવટી તંત્રના દાવાઓની એવી ધોલાઈ કરી છે કે એસ વી પટેલ રોડ સહિત ઘણી જગ્યાઓ સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગઈ છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ પાલિકાની કાગળ પરની ચોમાસા પૂર્વેની કામગીરી વરસાદના પહેલા જ રાઉન્ડમાં સડસડાટ વહી ગઈ છે. પાણીનો ભરાવો થતાં જ જાગૃત નાગરિકોએ પોતાના કેમેરા ઓન કરીને પાલિકાની ભવ્ય કામગીરીના લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર વહેતા કરી સીધેસીધા ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા છે.

સૌથી રોમાંચક દ્રશ્યો રેલ્વે ઓવરબ્રિજ નીચે, એટલે કે ખાડા શાકભાજી માર્કેટથી તલોધ તરફ જતા રસ્તા પર જોવા મળ્યા હતા,જ્યાં વહેલી સવારથી જ જાહેર માર્ગ ગાયબ થઈ ગયો હતો અને રસ્તો કોઈ નદીના પટમાં ફેરવાઈ ગયો હોય તેવું લાગતું હતું. આ દ્રશ્યો જોઈ રસ્તાની બાજુમાં રહેતા સ્થાનિકો અને વેપારીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા.નવાઈની વાત એ છે કે થોડા સમય પહેલા જ લાખોના ખર્ચે પાણીના નિકાલ માટે જે સ્માર્ટ ગરનાળા નાખવામાં આવ્યા હતા, તે ગરનાળા પોતે જ પાણીમાં ગરકાવ થઈને પાલિકાના એન્જિનિયરિંગ કૌશલ્યની પોલ ખોલી રહ્યા છે.બીજી તરફ શિક્ષણનું ધામ ગણાતી વી. એસ. પટેલ કોલેજનું પરિસર પણ વોટર પાર્ક બની ગયું હતું, જેમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોની ગાડીઓ બોટની જેમ ફસાઈ ગઈ હતી.

નાગરિકો હવે કટાક્ષમાં પૂછી રહ્યા છે કે, શું પાલિકાનો પ્રી-મોન્સૂન પ્લાન માત્ર કાગળો પર પાણી છાંટવાનો જ હતો ? વરસાદ તો હજુ શરૂ થયો છે,ત્યાં જ તંત્રની પોલ ખુલી જતાં લોકમુખે એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે આ વિકાસ પાણીમાં તરે છે કે ડૂબે છે?

## માછીયાવાસણ અને ભાગાતળાવ જતા મુખ્ય રસ્તા પર વીજપોલ નમ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૩ :** ગણદેવીના કાંઠા વિસ્તારમાં છાપર ગામથી માછીયાવાસણ અને ભાગાતળાવ જતા મુખ્ય માર્ગ પર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ ના અનેક વીજપોલ જોખમી રીતે એકતરફ નમી પડ્યા છે. લાઈનબંધ નમેલા આ થાંભલાઓની ડામાડોળ સ્થિતિ ઈધર ચલા મેં, કિધર ચલા...જેવી થઈ ગઈ છે, જે વાહનચાલકો અને સ્થાનિકો માટે ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે તેમ છે. જીઈબી તંત્ર દ્વારા વહેલી તકે આ વીજપોલનું યોગ્ય સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## ચીખલી તાલુકામાં મોડી રાતથી ધોધમાર વરસાદ

### ગ્રામ્ય વિસ્તારના ૯ થી વધુ રસ્તા ઉપર પાણી ફરી વળતા રસ્તાઓ બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૩ :** હવામાન વિભાગ દ્વારા કરેલી આગાહીને લઈ જિલ્લાભરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે ચીખલી તાલુકામાં પણ મોડી રાતથી ગાજવીજ સાથે વરસાદ થતાં લોકોએ ઠંડક અનુભવી છે જોકે ચીખલી તાલુકા ફલડ કંટ્રોલમાં સવારે ૮:૦૦ થી ૧૦ વાગ્યા સુધીમાં આઠ ઈંચ જેટલો વરસાદ થયો હોવાનું નોંધવા પામ્યું છે. જ્યારે ચીખલી તાલુકામાંથી પસાર થતી કાવેરી અને ખરેરા નદીમાં નવા નીર ઉમેરાતા બંને કાંઠે વહેવા લાગી હતી જોકે તાલુકા માંથી પસાર થતાં ગ્રામ્ય વિસ્તારના રોડ ઉપર વરસાદી પાણી ફરીવળતા ૯ થી વધુ જેટલા રસ્તા બંધ થઈ ગયા છે અને લોકોએ ચકરાવો કાપીને જે તે સ્થળ સુધી પહોંચવું પડ્યું હતું જ્યારે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર કેટલીક જગ્યાએ પ્રથમ વરસાદે જ ખાડાઓ પડી ગયા છે અને કેટલીક જગ્યાએ પાણીનો નિકાલ ન થતા પાણી ભરાઈ ગયા હતા તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે શાળા અને હાઈસ્કૂલોમાં બાળકોને રજા આપી દેવામાં આવી હતી એટલું જ નહીં પરંતુ ચીખલી એસટી પીકઅપ સ્ટેન્ડની સામે મુસાફરો માટે બહાર જવાના રસ્તા ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતા જ્યારે પ્રથમ વરસાદે ઠેક ઠેકાણે પાણી ભરાઈ ગયા હતા જોકે ચીખલી તાલુકામાં મોસમનો કુલ વરસાદ ૪૬૪ મીમી એટલે કે ૧૮ ઈંચ જેટલો વરસાદ ફલડ કંટ્રોલમાં નોંધાવા પામ્યો છે.

## સમરોલી, થાલા અને આલીપોરમાં સર્વિસ રોડ પરના દબાણો દુર કરાયા



**ચીખલી, તા. ૦૩ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ સમરોલી, થાલા અને આલીપોર ગામની હદમાં સર્વિસ રોડની બાજુમાં કેટલાક હોટલ, ધાબા અને દુકાનદારોએ દબાણ કરતાં જે દબાણ હટાવવાનું કામ હાઈવે ઓથોરેટી દ્વારા હાથ ધરાતા કેટલાક હોટલ માલિકો અને દુકાનદારોએ સ્વેચ્છિક દબાણ દૂર કરવાનું શરૂ કર્યું હતું.

ચીખલી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર કેટલીક જગ્યાએ સર્વિસ રોડ પૂરેપૂરો બનાવી દેવામાં આવ્યો છે પરંતુ કેટલીક જગ્યાએ દબાણો દૂર ન કરાતા સર્વિસ રોડ અધુરો રહી ગયો છે જ્યારે મુંબઈથી સુરત જતા ટ્રેક ઉપર સમરોલી થાલા અને આલીપોર ગામની હદમાં સર્વિસ રોડની બાજુમાં મસ મોટા પીલરો બનાવીને બોર્ડ તેમજ ધાબા ના શેડ બનાવી દેવામાં આવ્યા હતા જેના કારણે સર્વિસ રોડ ઉપરથી અવર-જવર કરતા વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી હતી જે અભિયાન હાઈવે ઓથોરિટી દ્વારા ગુરૂવારથી શરૂ કરાતા આ રોડ ઉપર આવેલ હોટલ, ધાબા અને પેટ્રોલ પંપ ના સંચાલકોએ રોડ ઉપર સરકારી જગ્યામાં કરેલુ દબાણ દૂર કરવાનું શરૂ કર્યું હતું. જોકે જે જગ્યા ઉપર દબાણો દૂર ન થયા તેવી જગ્યા ઉપર હાઈવે ઓથોરેટી દ્વારા દબાણો દૂર કરી રોડની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી છે અને દબાણો દૂર કરાયા છે જો કે હજુ કેટલાક દબાણો બાકી રહી જવા પામ્યા છે.

## વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેત બચાવો અભિયાનની ઉજવણી કરાઈ



**આહવા, તા. ૦૩ :** નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. હેમંત શર્મા ની પ્રેરણાથી અને કે.વિ.કે. વઘઈના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. હર્ષદ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કે.વિ.કે. વઘઈ દ્વારા તા. ૧ થી ૩૦ જૂન દરમિયાન ખેત બચાવો અભિયાન ની ઉજવણી કરવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત જૂન માસ દરમિયાન ૧૫ ખેડૂત જાગૃતિ કાર્યક્રમ, ૧૨ ખેડૂત તાલીમ કાર્યક્રમ, ૯૫ ખેડૂત મુલાકાત, ૬ રેડિયો ટોક અને આત્માના સંકલનમાં ૧ કિસાન મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું.

ખેત બચાવ અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લાના ખેડૂતોને જમીન સ્વાસ્થ્ય, લીલો પડવાસની મહત્વતા, પ્રાકૃતિક ખેતી માટે યોગ્ય પાકની પસંદગી, જળસંચયની વિવિધ પદ્ધતિઓ તથા સરકારની વિવિધ યોજનાઓ વિશેની બહોળી માહિતી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સાથે આત્મા યોજના, ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ તથા વિવિધ NGO સંસ્થાની જોડણી હતી. કે.વિ.કે., વઘઈ દ્વારા આ ખેત બચાવો અભિયાનનો લાભ વિવિધ વિસ્તરણ કાર્યક્રમ દ્વારા ડાંગ જિલ્લાના ૧૦૦૦થી વધુ ખેડૂતોએ લીધો હતો અને પ્રાકૃતિક ખેતી તથા ખેત બતાવો અભિયાનની ઝુંબેશમાં જોડાવાનો સંકલ્પ કર્યો હતો.

## વાંસદા તાલુકામાં ભારે વરસાદથી ૨૫થી વધુ રસ્તાઓ બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** નવસારી જિલ્લામાં જાહેર કરાયેલા રેડ એલર્ટ વચ્ચે મેઘરાજાની ધમાકેદાર બેટિંગને પગલે વાંસદા તાલુકામાં જળબંબોળની સ્થિતિ સર્જાઈ છે. સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે તાલુકાના કાળાઆંબા-વાટી રોડ, પાલગભણ ગામીત ફળીયા રોડ, મહુવાસ-સરા-કેવડી રોડ, કુરેલીયા તાડ ફળિયા મેઈન રોડથી ભીનાર ગામ ખડકલા ફળિયા થઈ વાંસદા-ઉનાઈ રોડ, તેમજ વાંદરવેલા-દોણજા, અંકલાછ-ચોંઢા, ખાંભલા-નવતાડ અને કેવડી ઉપલા ફળિયા રોડ સહિતના અનેક માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત ભીનાર-નાનીવાલઝર-મોટીવાલઝર રોડ, લાખાવાડી મીંઢોળફળીયાથી ચાપલધરા રોડ, સીંગાડ જાગૃતિફળીયાથી આંગલધરા રોડ, રાજપુર અપ્રોચ રોડ, બારતાડ જીવનબારી રોડ, ચારણવાડા એપ્રોચ રોડ, ઉનાઈ ચરવી પટેલ રોડ, NH 56 થી પાલગભાણ રોડ, મોટીભમતી હોલીપાડા રોડ, કુરેલીયા બારતાડ રોડ, મહુવાસ જનાર્દન ફળીયા રોડ, રાણીફળિયા ઉપસલ રોડ, સિણધઈ મોટા ફળીયા રોડ, ભીનાર બારતાડ(ઉ) રોડ અને કૂકડા કુરેલિયા રોડ પર પાણી ભરાઈ જવાના કારણે અને અન્ય સલામતીના કારણોસર વાહનવ્યવહાર માટે રસ્તાઓ તદ્દન બંધ કરવામાં આવ્યા હતા.

આ કપરી પરિસ્થિતિમાં લોકોને પાણીના ભરાવાને કારણે કોઈ મોટી મુશ્કેલી ન પડે તે માટે વાંસદા પંચાયત માર્ગ અને મકાન વિભાગની ૧૫ જેટલી ટીમો અલગ-અલગ અસરગ્રસ્ત વિસ્તારોમાં ખડેપગે તૈનાત રહી હતી. વિભાગના કાર્યપાલક ઈજનેર ગૌરાંગ પટેલ અને તેમની ટીમો દ્વારા આપત્તિજનક સ્થિતિમાં કરવામાં આવેલી ત્વરિત અને સરાહનીય કામગીરીની સ્થાનિકો દ્વારા ભારે પ્રશંસા થઈ રહી છે. જો કે, કેટલીક જગ્યાએ વરસાદી પાણી ઓસરવાનું શરૂ થતાં જ પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા રસ્તા અને કોઝવેની સફાઈ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. નવસારી જિલ્લામાં હજુ પણ ભારે વરસાદની સંભાવનાને જોતા વહીવટી તંત્ર દ્વારા લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અને સાવચેત રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે.

## ગણદેવી સુગર ફેક્ટરીની ચૂંટણી માટે પીઠામાં મીટીંગ યોજાઈ



**વલસાડ, તા. ૩ :** વલસાડ તાલુકાના પીઠા–પડારીયા ગામ માં ગણદેવી સુગર ફેક્ટરી ની વિભાગ-૧૦ ની મીટિંગ ની આયોજન કરેલ હતું જેમાં વલસાડ તાલુકા ના સભાસદ ખેડૂત ભાઈઓ અને બહેનો અને ગણદેવી સુગર ફેકટરી ના સમન્વય પેનલ ના તમામ સભ્યો ની ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમાજ ના આગેવાનો તથા વડીલો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને વલસાડ તાલુકાના વિભાગ ૧૦ ના ઉમેદવાર કમલકુમાર શાંતિલાલ પટેલ ને તમામ સભાસદ ભાઈઓએ અને વડીલો તથા આગેવાનો દ્વારા જંગી બહુમતી થી જીત મેળવી ગણદેવી સુગર ફેક્ટરી ને ખૂબ ઉંચાઈ એ લઈ જવા માટે કમલકુમાર શાંતિલાલ પટલે ને જાહેરમાં ટેકો આપી અને વડીલો ગામજનો તથા આગેવાનો એ આશીર્વાદ આપ્યા હતા. ઉમેદવાર કમલકુમાર શાંતિલાલ પટેલ ને જંગી બહુમતીથી વિજય બનાવવા માટે આહવાન કર્યું હતું.

## ખેરગામ તા.પં.મા સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના કરાઈ



**ખેરગામ, તા.૦૩ :** ખેરગામ તાલુકા પંચાયતમાં સતત ત્રીજી વખત ભાજપનું શાસન આવતા પ્રથમ સામાન્ય સભા નવીન પ્રમુખ હંસાબેન પટેલ-પાણીખડકના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી અરુણ નાયક અને ઉપપ્રમુખ મુકેશ પટેલની હાજરીમાં ગુરુવારે ૧૧-૩૦ ક. યોજાઈ હતી.

જેમાં કારોબારી અધ્યક્ષા તરીકે જીજ્ઞાબેન પટેલ અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષપદેસતત ત્રીજી વખત પૂર્વેશ ખાંડાવાલાની વિધિવત નિમણૂક કરી વિકાસના કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી.

આ સભામાં એજન્ડા પરના કામોની શરૂઆત તાલુકા વિકાસ અધિકારી અરૂણભાઈએ કરાવી હતી. જેમાં નવી કારોબારી સમિતિની વિધિવત રચના કરવામાં આવી.ખેરગામ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ લીતેશ, જી.પંચાયતના ચૂંટાયેલા સભ્યો મોહિની કાર્તિક પટેલ (ખેરગામ), હેતલ આહિર(આછવણી) , તાલુકા સંગઠનના હોદ્દેદારો, તા. પંચાયતના તમામ સભ્યો ઉપસ્થિતિ રહ્યા હતા.

ગુજરાત સરકારની- વતન પ્રેમ યોજના- હેઠળ વિવિધ ૨૨ કામોમાં વિદેશી ભારતીયોના દાન સહાયથી સ્વભંડોળમાં વિવિધ કામનું આયોજન કરવા માટે ચર્ચા વિચારણા થઈ હતી.

## ગણદેવી એસબીઆઈ શાખામાં બેંકના ૭૧માં સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



**ગણદેવી, તા.૦૩ :** ભારતીય સ્ટેટ બેંક ના ૭૧માં સ્થાપના દિવસ નિમિત્તે ગણદેવી સ્થિત એસ.બી.આઈ. શાખામાં બુધવારે વિશેષ અને ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ મંગલમય પ્રસંગે શાખામાં પધારેલા તમામ ગ્રાહકોનું બેંક સ્ટાફ દ્વારા ઉષ્માભર્યુંસ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત શાખા પ્રબંધક દ્વારા ખાસ કરીને બેંકના માજી કર્મચારીઓ અને વરિષ્ઠ નાગરિક ગ્રાહકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે શાખા મેનેજરે ઉપસ્થિત તમામ લોકોને બેંક દ્વારા ચાલતી વિવિધ ગ્રાહકલક્ષી કામગીરી, અદ્યતન સેવાઓ અને સરકારી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી અવગત કર્યા હતા. ગ્રાહકોએ પણ બેંકની ઉત્કૃષ્ટ સેવાઓ બિરદાવી સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૪-૦૭-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** જેઠ, પાંચમ **સૂર્યોદય :** ૦૬ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૭ :૨૫, **ચંદ્રોદય** - ૧૦:૩૩ **ચંદ્રાસ્ત** - ૧૦:૨૬ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - ઘનિષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો છે. કાર્યક્ષેત્રમાં તમારી સ્થિતિ મજબૂત બનશે અને અટકેલા કામ પૂરા થશે પરિવારમાં કોઈ શુભ કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા માટે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં ફાયદો કરાવશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજનો દિવસ તમારા માટે ઉર્જાવાન રહેશે. નોકરી કરતા લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે. આર્થિક લાભ થવાની પૂરી શક્યતા છે.

**કર્ક (ડ, હ) :** આજે તમારે તમારા ગુસ્સા પર નિયંત્રણ રાખવું પડશે. કોઈપણ નિર્ણય ઉતાવળમાં ન લેવો. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**સિંહ (મ, ટ) :** તમારા માટે આજનો દિવસ ખૂબ જ સારો રહેશે. શુક્રના ગોચરના પ્રભાવથી તમારી લોકપ્રિયતા અને આકર્ષણમાં વધારો થશે. કાર્યક્ષેત્રમાં તમારી મહેનત રંગ લાવશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજનો દિવસ તમારા માટે સાનુકૂળ છે. તમે કોઈ નવી પ્રોપર્ટી અથવા વાહન ખરીદવાનું વિચારી શકો છો. વેપારમાં સારો નફો મળવાની આશા છે. લવ લાઈફમાં રોમાન્સ વધશે.

**તુલા (ર, ત) :** આજે ભાગ્ય તમારો સાથ આપશે. લાંબા સમયથી અટકેલા સરકારી કામો પૂરા થઈ શકે છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટેનો સારો દિવસ છે.પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**વૃશ્ચિક (ન, ય) :** તમારા માટે આજનો દિવસ થોડો સંઘર્ષપૂર્ણ રહી શકે છે. કાર્યક્ષેત્રમાં કામનું ભારણ વધુ રહેશે, જેનાથી માનસિક થાક અનુભવાશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમને અચાનક ધનલાભ થવાની સંભાવના છે. પરિવાર સાથે સમય વિતાવવાની તક મળશે. વેપારીઓ માટે આજનો દિવસ નફાકારક રહેશે.

**મકર (ખ, જ) :** આજનો દિવસ તમારા માટે સામાન્ય રહેશે. વડીલોના આશીર્વાદથી તમારા કામ પૂરા થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવાની જરૂર છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. કાર્યક્ષેત્રે તમારી યોજનાઓ સફળ થશે. વેપારમાં નવું રોકાણ કરવા માટે આજનો દિવસ સારો છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે તમારું સ્વાસ્થ્ય થોડું નરમ-ગરમ રહી શકે છે. બિનજરૂરી માનસિક ચિંતાઓથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે સાથીદારો સાથે વિવાદ થઈ શકે છે, તેથી વાણી પર સંયમ રાખવો। ધૈર્ય જાળવી રાખવું.

## દમણ રેડિયો

**102.3 FM**

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 3 | | 8 | | | 5 |
| | | 7 | | | | 1 | | |
| 9 | 3 | | | | | | 4 | 6 |
| 1 | 2 | | 6 | | 5 | | 8 | 3 |
| | | | | | | | | |
| 6 | 8 | | 4 | | 1 | | 2 | 7 |
| 7 | 9 | | | | | | 6 | 2 |
| | | 1 | | | | 7 | | |
| 8 | | | 7 | | 6 | | | 9 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૧૯ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 9 | 1 | 3 | 8 | 6 | 2 | 7 |
| 1 | 2 | 8 | 7 | 9 | 6 | 3 | 4 | 5 |
| 6 | 7 | 3 | 5 | 4 | 2 | 8 | 9 | 1 |
| 8 | 1 | 2 | 3 | 6 | 5 | 9 | 7 | 4 |
| 3 | 6 | 7 | 4 | 2 | 9 | 1 | 5 | 8 |
| 9 | 5 | 4 | 8 | 1 | 7 | 2 | 3 | 6 |
| 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 | 2 |
| 7 | 3 | 6 | 2 | 8 | 4 | 5 | 1 | 9 |
| 2 | 9 | 5 | 6 | 7 | 1 | 4 | 8 | 3 |

Saturday 04, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### પ્રિ-મોન્સૂન કામગીરી અને લાઈનોની સફાઈના દાવા ખોખલા : માત્ર બે કલાકના વરસાદે જ ખોલી : સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ

# વલસાડમાં આભ ફાટ્યું : ૨ કલાકમાં જ ૬ ઇંચ વરસાદ

## ધોબી તળાવ, અબ્રામા, પાળ ફળિયા તેમજ નીચાણવાળા અનેક વિસ્તારો જળબંબાકાર : સોસાયટીઓમાં અને દુકાનોમાં પાણી ભરાયા : ઘરવખરી અને દુકાનના સામાનને ભારે નુકસાન






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૦૩ :** મેઘરાજાએ વલસાડ શહેરમાં ધમાકેદાર બેટિંગ કરતાં માત્ર બે જ કલાકમાં અનરાધાર છ ઈંચ જેટલો વરસાદ પડતા વલસાડના નીચાણવાળા વિસ્તારો સહિત સમગ્ર શહેરમાં પૂર જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. ધોધમાર વરસાદને પગલે ઠેર-ઠેર રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેના કારણે સોસાયટીના રહીશો, વાહનચાલકો અને શાળાએથી ઘરે પરત ફરી રહેલા માસૂમ વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.આ અતિભારે વરસાદના કારણે વલસાડના ધોબી તળાવ, અબ્રામા, પાળ ફળિયા તેમજ નીચણ વાળા વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. ઘૂંટણસમા અને કેટલાક સ્થળોએ કમર સુધીના પાણી ભરાઈ જતાં લોકોના ઘરોમાં અને વેપારીઓની દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા. ઘરવખરી અને દુકાનોમાં રાખેલો કિંમતી સામાન પલળી જતાં મોટા પાયે નુકસાન થયું છે, જેને પગલે સ્થાનિક પરિવારો અને વેપારીઓ ભારે ચિંતામાં ગરકાવ થઈ ગયા છે.?ચોમાસા પહેલા લાખો રૂપિયાના ખર્ચે પ્રી-મોન્સૂન કામગીરી અને લાઈનોની સફાઈના દાવા કરતી વલસાડ નગરપાલિકાની પોલ આ માત્ર બે કલાકના વરસાદે જ ખોલી નાખી છે. સ્થાનિક લોકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોનું કહેવું છે કે જો માત્ર બે કલાકના વરસાદમાં આખું શહેર બેટમાં ફેરવાઈ જતું હોય, તો આગામી દિવસોમાં જો સતત વરસાદ રહેશે તો સ્થિતિ વધુ વણસી શકે છે. શહેરીજનો નગરપાલિકામાં વર્ષે દહાડે લાખો રૂપિયાનો ટેક્સ ભરવા તેમ છતાં પ્રી-મોન્સૂન કામગીરીના કારણે આજે જનતાને તકલીફો ભોગવવાનો વારો આવ્યો છે. તંત્ર વહેલી તકે પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ રહીશો કરી રહ્યા છે.વહેલી સવારથી ભારે વરસાદના પગલે વલસાડના મોગરાવાડી અને ચીકવાડ રેલવે ગરનાળા માં પાણીનો ભરાવો થતા ખેરગામ રોડ તેમજ અબ્રામા મોગરાવાડી રોડ પરની અવરજવર બંધ થઈ ગઈ હતી ખેરગામ તરફથી કે વલસાડ તરફથી જતા આવતા વાહનો હાઈવે થઈ જવાની ફરજ પડી હતી. આ વરસાદના પગલે નગરપાલિકાને પ્રીમોનસૂન કામગીરીમાં ગટરોની સફાઈ નહિ તેતા વરસાદી પાણીમાં ગટારીયા પાણી તેમજ અસહ્ય ગંદો કચરો પ્લાસ્ટિક તણાઈ ગયો હતો અને મોગરાવાડી રેલવે ગરનાળામાં આ કચરો અટકી જતા નગરપાલિકાના કર્મચારીઓએ પાણી ઓસર્યા બાદ સાફ સફાઈ કામગીરી કરી હતી.

### વલસાડના કયા કયા વિસ્તારોમાં પાણી ભરાયા

વલસાડ શહેરના એમ.જી.રોડ ખત્રીવાડ, છીપવાડ દાણા બજાર હનુમાનજી મંદિર, તરીયાવાડ, બંદર રોડ, ઘડુચી તળાવ રોડ, વલસાડ પારડી નાનકવાડા ટીવી રીલે કેન્દ્ર, મહાદેવ નગર, હાલર ચાર રસ્તા તિથલ રોડ દેવ એવન્યુ સોસાયટી શાંતિવન સોસાયટી, કોસંબા વિનાયક નગર, અબ્રામા મણિબાગ સોસાયટી, ધરમપુર વલસાડ એસટી વર્કશોપ ની સામે નો મુખ્ય રસ્તા પર, અબ્રામા સરસ્વતી સ્કૂલની સામેનો મુખ્ય રસ્તો, ધોબી તળાવ, ડિસ્ટન્સ રોડ કસ્તુરબા હોસ્પિટલ શહીદ ચોક સહિત શહેરના તમામ વિસ્તારોનાકાર બની ગયા હતા. પાલિકાએ -મોન્સૂન કામગીરી માં વેઠ ઉતારતા અનેક સોસાયટી ના રસ્તા તેમજ ઘર મકાન માં પાણીનો ભરાવો થતા સામાનની નુકસાની થઈ હતી.

### વલસાડમાં એનડીઆરએફ તૈનાત

વલસાડ જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી વરસાદ પડી રહ્યો છે ત્યારે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ છે. ચોમાસામાં દર વર્ષે વલસાડમાં એનડીઆરએફની એક ટીમ તૈનાત રાખવામાં આવે છે હઆ વર્ષે પણ આ ટીમ તૈનાત કરાઈ છે જેણે વલસાડ પહોંચી વલસાડ જિલ્લા તંત્ર સાથે એક બેઠક કરી હતી અને બેઠકમાં વલસાડ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને નીચાણવાળા વિસ્તારોની માહિતી લીધી મેળવી હતી. ત્યારબાદ એનડીઆરએફની ટીમ વલસાડના નીચાણવાળા વિસ્તારોમાંની મુલાકાત પણ લીધી હતી.

### ધોબીતળાવ અને ભાગડાવડામાં જળબંબાકાર



વલસાડમાં આજે વહેલી સવારે પડેલા વરસાદ બાદ વોર્ડ નંબર-૭માં આવેલા ધોબીતળાવ વિસ્તારમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. ભારે વરસાદને પગલે આશરે ૩૦૦થી વધુ ઘરોમાં વરસાદી પાણી ઘૂસી જતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વલસાડના ધોબીતળાવ વિસ્તારમાં અનેક સ્થળોએ કમર સુધી પાણી ભરાઈ જતાં ઘરોમાં રાખેલી ઘરવખરી, અનાજ, ઈલેક્ટ્રિક સાધનો સહિતનો સામાન પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. અનેક પરિવારોને ઘર છોડવાની પણ નોબત આવી હતી. સ્થાનિક રહીશોએ નગરપાલિકા સામે ભારે રોષ વ્યક્ત કરતાં તાત્કાલિક વરસાદી પાણીના નિકાલ માટે અસરકારક કાર્યવાહી કરવામાં નહી આવે તો ધોબીતળાવ વિસ્તારના રહીશો નગરપાલિકાનો ઘેરાવ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે એવી ચીમકી ઉચ્ચારી રહ્યા છે. એ રીતે વલસાડ નજીક ના ભાગડાવડા ગામમાં ભારે વરસાદ બાદ ચારે તરફ વરસાદી પાણી ફરી વળતાં સમગ્ર ગામ બેટ માં ફેરવાઈ ગયું હતું. અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ગ્રીન પાર્ક, જીન્નતનગર, સદરનગર તેમજ આસપાસના વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. જોકે ભાગડાવડામાં થયેલા આડેધડ પુરાણ અને ગેરકાયદેસર બાંધકામના કારણે વરસાદી પાણીના કુદરતી નિકાલના માર્ગો બંધ થઈ ગયા હોવાનું ચર્ચાયુ હતું.

# ઉમરગામ પાલિકાની સામાન્ય સભામાં શિસ્તના લીરે લીરા ઉડ્યા

## પ્રમુખ સ્થાનેથી અરજીઓ તેમજ વિવિધ વિષયો પર ચર્ચા થઈ રહી હતી તે દરમિયાન કોર્પોરેટર સમીર કંસારાએ ઊભા થઈ સભા સમાપ્ત કરવા ફરમાન કર્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ નગરપાલિકાની સામાન્ય સભાનું આયોજન નગરપાલિકા સભાખંડમાં કરવામાં આવ્યું હતું. ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ ની અધ્યક્ષતામાં સામાન્ય સભા યોજાઈ હતી. એજન્ડા મુજબ સભાની શરૂઆત થઈ હતી. આજની સભામાં ઉમરગામ નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરાઈ હતી. પ્રમુખ સ્થાનેથી ખુશ્બુબેન જાદવે સમિતિઓ ની રચના અને અધ્યક્ષ ના નામ જાહેર કર્યા હતા જેમાં કારોબારી સમિતિના અધ્યક્ષ ગૌરવભાઈ કોન્ટ્રાક્ટર,સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ કાવેરીબેન દૂબળા, બાંધકામ સમિતિના અધ્યક્ષ નટુભાઈ રાઠોડ, વીજળી સમિતિના અધ્યક્ષ વૈભવીબેન માયાવંશી, આરોગ્ય સમિતિના અધ્યક્ષ સુશીલભાઈ ભરતિયા, મહેકમ સમિતિના અધ્યક્ષ રેશ્માબેન માછી, પાણી પુરવઠા સમિતિના અધ્યક્ષ રિતેશભાઈ બારી, વેરા વસૂલાત સમિતિના અધ્યક્ષ જયદીપભાઈ આકરેકર, ડ્રેનેજ સમિતિના અધ્યક્ષ જયશ્રીબેન માછી નામો જાહેર કરી તમામને શુભકામના પાઠવી હતી. સામાન્ય સભામાં સમિતિની રચના બાદ અધ્યક્ષ સ્થાનેથી અરજીઓનું વાંચન તેમજ વિવિધ વિષયો પર ચર્ચા શરૂ કરાઈ હતી.

જે દરમિયાન કોંગ્રેસ અને અપક્ષના કોર્પોરેટરો એ કેટલાક વિષયો પર ચર્ચા કરી હતી. જે દરમિયાન ભાજપ કોર્પોરેટર સમીરભાઈ કંસારાએ ઉભા થઈ સભા સમાપ્ત કરવા અધ્યક્ષ ને જણાવ્યું હતું તેઓના આદેશ બાદ અધ્યક્ષ ઊભા થઈ જતા ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.

શિસ્તમાં માનનારી ભાજપ પક્ષ ના કોર્પોરેટર નું વર્તન ક્યાંક ને ક્યાંક અધ્યક્ષ ને અસમંજસ ની સ્થિતિમાં મૂકી દીધા હતા. જોકે બાદમાં વિવિધ વિષયો પર ચર્ચા થઈ હતી. જેમાં સિક્યુરિટી એજન્સી તેમજ સફાઈ એજન્સી ને કરવામાં આવેલ ચૂકવણા અંગે વિરોધ પક્ષના નેતા મનોજભાઈએ સવાલો ઉભા કર્યા હતા જેની સામે પ્રમુખ સ્થાનેથી બંને એજન્સીઓની સેવા સમાપ્ત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું સાથે જ અપક્ષ કોર્પોરેટર સુનિલ પાર્વે દ્વારા આકારણી બાબતે આર્થિક રીતે સામાન્ય વર્ગના લોકોનું કામ સરળતાથી થાય તે માટે રજૂઆત કરાઈ હતી.

અન્ય કેટલાક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા બાદ સભા પૂર્ણ થઈ હતી. અતિ ઉત્સાહી એવા સમીરભાઈ કંસારાને આરોગ્ય સમિતિ આપવામાં આવી છે ઉમરગામ ટાઉન વિસ્તારમાં નગરપાલિકાના લોકો માટે આરોગ્ય સુવિધાનો અભાવ છે નગરજનો સમીરભાઈ કંસારા સમક્ષ આસાની મીટ માંડી બેઠા છે પ્રાથમિક સુવિધા મળી રહે તે માટે ઉમરગામ નગરપાલિકા વોર્ડ નંબર એક અને બે માં ડોક્ટર તથા ક્લિનિક નગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવે તે દિશામાં સમીરભાઈ કંસારા પ્રયાસ કરે તે જરૂરી બન્યું છે.

# વાપી દમણગંગા વિયરમાં પાણીનો પ્રવાહ વધ્યો : લોકો જીવના જોખમે માછલી પકડે છે

### પ્રશાસનની ચેતવણી છતાં બેદરકારી યથાવત, અકસ્માતની આશંકા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૩ :** ચોમાસાના વરસાદને પગલે દમણગંગા નદીમાં આવેલા વિયર પર પાણીનો પ્રવાહ નોંધપાત્ર રીતે વધ્યો છે. તેમ છતાં અનેક લોકો જીવના જોખમે વિયર નજીક ન્હાવા તેમજ માછલી પકડવા પહોંચી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે. પાણીના તેજ પ્રવાહ વચ્ચે વિયર પર ઊભા રહી માછલી પકડતા અને સેલ્ફી લેતા લોકો પોતાની સાથે અન્યના જીવને પણ જોખમમાં મૂકી રહ્યા છે. દર વર્ષે ચોમાસા દરમિયાન આવા બેદરકાર વર્તનને કારણે અકસ્માતોની ઘટનાઓ બનતી હોવા છતાં લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. તંત્ર દ્વારા નિયમિત પેટ્રોલિંગ કરી જોખમી વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધનો કડક અમલ કરવો જોઈએ. સમયસર કાર્યવાહી નહીં થાય તો કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# વાપીમાં GST દિવસની ઉજવણી સાથે સંવાદ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૩ :** વાપીના GST ભવન ખાતે ૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ GST કમિશ્નરેટ, દમણ (દાદરા-નગર હવેલી અને દમણ-દીવ) દ્વારા ૯મા GST દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની અધ્યક્ષતા GST કમિશ્નર ડૉ. સતીશ કુમારે કરી હતી. આ પ્રસંગે સંયુક્ત કમિશ્નર કૃતિ નિગમ, સહાયક કમિશ્નરો, અન્ય અધિકારીઓ તેમજ વિવિધ ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, પરોક્ષ કર સલાહકારો અને GST પ્રેક્ટિશનર્સ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલનથી કરવામાં આવી હતી. ત્યારબાદ GSTના છેલ્લા નવ વર્ષના સફર, તેની સિદ્ધિઓ અને વન નેશન, વન ટેક્સની સંકલ્પનાને રજૂ કરતી વિશેષ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ફેડરેશન ઑફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા સિલવાસા ઈન્ડસ્ટ્રીઝ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ના પ્રમુખ અતુલ શાહ, સિલવાસા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સંજીવ કપૂર, FIAના આયોજન સચિવ પરેશ ગજ્જર અને દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પવન અગ્રવાલ સહિતના ઉદ્યોગ અગ્રણીઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

ડૉ. સતીશ કુમારે GSTને દેશના સૌથી મોટા કર સુધારાઓમાંનું એક ગણાવી કરદાતાઓને સરળ અને પારદર્શક સેવાઓ આપવા વિભાગની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કૃતિ નિગમે પણ વેપાર અને ઉદ્યોગ જગતના સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.ઔપચારિક કાર્યક્રમ બાદ ઈન્ડસ્ટ્રિયલ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉદ્યોગકારો, વેપારી સંગઠનો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને GST પ્રેક્ટિશનર્સે GST અમલીકરણ દરમિયાન આવતી સમસ્યાઓ, અનુભવ અને સૂચનો રજૂ કર્યા હતા. અધિકારીઓએ વિવિધ પ્રશ્નોના જવાબ આપી માર્ગદર્શન પણ આપ્યું હતું.

# વલસાડમાં શેરી ગરબા સ્પર્ધા યોજાશે

**વલસાડ, તા.૦૩ :** નેશનલ એસોસિયેશન ફોર બ્લાઈન્ડ અને ટપરીના સહયોગથી શેરી ગરબા ૨૦૨૬ ની હરીફાઈનું વલસાડ ખાતે આયોજન થયેલ છે ગુજરાતી ભાતીગળ, ગ્રામ્યસંસ્કૃતિ અને લોકજીવનના વારસાને અકબંધ રાખવાનો આ સોહામણો અવસર છે. આ હરીફાઈના સૂચનો જરૂરી લાગતી માહિતી, શૈલી અંગેના માર્ગદર્શન માટે અડધા દિવસની તાલીમ પણ વિનામૂલ્ય આપવામાં આવશે. આ અનોખી શૈલીના શેરી ગરબામાં ભાગ લેવા માટે સૌને ભાવભર્યું નિમંત્રણ છે. ૩૧ જુલાઈ પહેલાં નામ નોંધાવવા માટે સંપર્ક ૯ ૯ ૦ ૪ ૫ ૮ ૯ ૨ ૧ ૧ ૯૯૭૮૦૫૩૯૩૦ કરવો.


# સેલવાસ ભંડારી સમાજના પ્રમુખની વરણી કરાઈ




**વાપી, તા.૦૩ :** સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસ સ્થિત વનધારા ગાર્ડનમાં તા. ૨૯ જૂન, ૨૦૨૬ના રોજ ભંડારી સમાજની કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં સમાજના વિકાસ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક સહકાર તેમજ જરૂરિયાતમંદ પરિવારોને વિવિધ રીતે મદદરૂપ થવા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ આગામી કાર્યકાળ માટે પ્રમુખપદની ચૂંટણી યોજાઈ હતી. પ્રમુખપદ માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાં એડવોકેટ એન્ડ નોટરી પંકજકુમાર એન. ભંડારી ને સૌથી વધુ મતો મળતા તેઓને વિજેતા જાહેર કરાયા હતા અને નવા પ્રમુખ તરીકેની જાહેરાત કરવામાં આવી હતી. સાથે નવી કાર્યકારિણીની પણ જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ઉપપ્રમુખ તરીકે નીરવભાઈ સી. પટેલ અને અશ્વિનભાઈ એમ. પટેલ, મહામંત્રી તરીકે જયંતીભાઈ એલ. પટેલ અને વિલાસભાઈ સી. પટેલ, ખજાનચી તરીકે હર્ષદભાઈ એમ. પટેલ, સહ-ખજાનચી તરીકે ભરતભાઈ એલ. પટેલ તેમજ મંત્રી તરીકે દીપકભાઈ જી. પટેલઅને સલાકાર તરીખે ચેતનભાઈ એન. પટેલ, રમેશભાઈ જી. પટેલની નિમણૂક કરવામાં આવી હતી. ઉપરાંત અન્ય કમિટી સભ્યોની પણ વરણી કરવામાં આવી હતી. બેઠકના અંતે સમાજને વધુ સંગઠિત બનાવી સેવાકીય અને સમાજહિતના કાર્યોને ગતિ આપવા સર્વાનુમતે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઐતિહાસિક વિરાસતથી સમૃદ્ધ પુલવામા







## ચસ્મે બદૂર કશ્મીર



**ડો. રાધિકા ટીક્કુ, વલસાડ**

આ જિલ્લા અનેક મંદિરોથી શોભતો અને આરતી અને અનેક ઘંટડીઓથી રણકતા શિવાલયોથી જીવંત હતો . એક સમયે પ્રાચીન સમયમાં કાશ્મીરમાં બૌદ્ધ ધર્મનું પણ શાસન રહ્યું હતું .બૌદ્ધ ધર્મના સ્તૂપો અને ઐતિહાસિક વિરાસતના ખંડેરો હજી પણ અસ્તિત્વમાં છે અને પોતાની હાજરીની શાખ પૂરે છે .

### માલંગપોરા, પુલવામાનો પ્રાચીન બૌદ્ધ સ્તૂપ

પુલવામા જિલ્લાના માલંગપોરામાં આવેલો પ્રાચીન બૌદ્ધ સ્તૂપ જમ્મુ-કાશ્મીરની સમૃદ્ધ બૌદ્ધ વારસાની એક મહત્વપૂર્ણ પુરાતત્ત્વીય નિશાની છે. આ સ્મારકના અવશેષો કાશ્મીરના મધ્યકાલીન યુગ પહેલાંના જીવંત બૌદ્ધ ઈતિહાસ અને સાંસ્કૃતિક વૈભવના સાક્ષી છે.

સાતમી-આઠમી સદી ઈસવીનો માનવામાં આવતો આ સ્તૂપ ચોરસ આધાર પર નિર્મિત છે અને તેમાં અંદરની તરફ વળતા ખૂણાઓ જોવા મળે છે. વર્ષ ૨૦૦૮માં તેનું વૈજ્ઞાનિક રીતે ઉત્ખનન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તેની સંરક્ષણ કામગીરી હાથ ધરવામાં આવી.

અવંતિપુર અને પયાર વચ્ચે લગભગ મધ્યમાં આવેલું માલંગપોરા ગામ વૂડર (કરેવાં) તરીકે ઓળખાતી ઊંચી ભૂમિથી અંશતઃ ઢંકાયેલું છે. આ ટેકરીના શિખર પર મધ્યકાલીન સ્તૂપના અવશેષો સ્થિત છે. આજે તેના મૂળ સ્વરૂપમાં માત્ર આધારભાગ જ અસ્તિત્વમાં રહ્યો છે.

આ સ્તૂપ કાશ્મીરના અન્ય પ્રાચીન બૌદ્ધ સ્મારકોમાં જોવા મળતી પરંપરાગત સ્થાપત્ય શૈલીને અનુસરે છે. તેનું બંધારણ ચોરસ આકારનું છે, જેમાં દરેક બાજુએ બે પ્રક્ષેપો (ઉપસેલા ભાગો) છે અને ચારેય દિશાઓમાં વિશાળ સીડીઓ બનાવવામાં આવી છે. તેની સૌથી વિશિષ્ટ વિશેષતાઓમાં સીડીઓની બાહ્ય દિવાલો પર કોતરાયેલા શિલ્પોનો સમાવેશ થાય છે, જે પ્રાચીન કાશ્મીરની કલાત્મક ઉત્કૃષ્ટતાનું પ્રતિબિંબ છે.

આ સ્થળનું સંરક્ષણ Archaeological Survey of India (ASI) દ્વારા કરવામાં આવે છે અને તેની ફરતે સુરક્ષા વાડ પણ પૂર્ણ કરવામાં આવી છે. તેમ છતાં, આ વિસ્તાર વધુ પુરાતત્ત્વીય અભ્યાસ અને ઉત્ખનનની માંગ કરે છે. આસપાસની ધરતી નીચે હજુ પણ એવા મૂલ્યવાન અવશેષો છુપાયેલા હોઈ શકે છે, જે પ્રાચીન કાશ્મીર અને તેની બૌદ્ધ પરંપરાના ઈતિહાસને વધુ સારી રીતે સમજવામાં મદદરૂપ બની શકે.

કાશ્મીરના ભૂતકાળની અસંખ્ય કથાઓ આજે પણ ધરતીની અંદર દટાયેલી છે અને શોધાઈ જવાની રાહ જોઈ રહી છે.

### ખંડેર બની ગયેલું મંદિર - લેલહાર, સાંબોરા, પુલવામા

ખંડેર હાલતમાં હોવા છતાં આ મંદિર આજે પણ વિતસ્તા (ઝેલમ) નદીના કિનારે અડીખમ ઊભું છે અને આ સ્થળના ગૌરવશાળી ભૂતકાળની સાક્ષી આપે છે. નદીના કિનારે ચિનાર વૃક્ષોથી ઘેરાયેલું આ મંદિર તેની જૂની ઈંટો દ્વારા એ સમયની કહાની કહે છે, જ્યારે આપણા પૂર્વજો અહીં શ્રદ્ધા અને ભક્તિ સાથે ર્થના કરવા આવતા હતા.

આકાશ તરફ ઊંચે ઉઠેલો કાંસ્યનો કલશ આજે પણ ગૌરવપૂર્વક ઝળહળી રહ્યો છે. મંદિરની દરેક ઈંટ તે પરિવારોના પ્રેમ, સમર્પણ અને પરંપરાઓની સાક્ષી છે, જેમણે વર્ષો પહેલાં આ મંદિરનું નિર્માણ કર્યું હતું.

આજે મંદિર એકલું ઊભું છે. તે વિતસ્તા પરના પુલ પરથી પસાર થતા લોકોને, નદીમાં હોડી હંકારી રહેલા નાવિકોને અને નજીકના કિનારે દિવસ-રાત રેતી કાઢતા મજૂરોને નિહાળી રહ્યું છે. છતાં પણ તે આશાવાદી છે અને તેની હાલત પર કોઈનું ધ્યાન જાય તથા તેના ઘાવો ભરે તેવી રાહ જોઈ રહ્યું છે. મને વિશ્વાસ છે કે હવે એ સમય આવી ગયો છે અને કામ થઈ પણ થઈ રહ્યું છે .

હાલમાં વર્તમાન કેન્દ્રીય સરકાર આ મંદિરને ફરી જીવંત બનાવવાની ભરપૂર કોશિશ કરી રહી છે, જેથી વિતસ્તાના કિનારે ફરી એકવાર મંદિરની ઘંટડીઓનો પવિત્ર નાદ ગુંજી ઊઠી રહ્યો છે.જે ભારે આહલાદક વાતાવરણ બની રહ્યું છે. પંડિતો માટે આ ભારે આનંદની વાત છે અને કશ્મીરી પંડિતો આવી સરસ પરિસ્થિતિ સર્જાઈ રહી છે એ માટે ખૂબ ખુશ થઈ રહ્યાં છે.

હું સૌને એ પણ વિનંતી કરું છું કે આ મંદિર સાથે જોડાયેલી પોતાની યાદો, કથાઓ, ફોટોગ્રાસ અને અન્ય કોઈ માહિતી હોય તો શેર કરે, જેથી તેનો ઈતિહાસ દસ્તાવેજીકૃત થઈ શકે અને ભાવી પેઢીઓ માટે સંરક્ષિત રહી શકે.

### કાકાપોરા, પુલવામાનું પ્રાચીન શિવ મંદિર

ઘણા લોકોને જાણ નથી કે પુલવામાના ઐતિહાસિક નગર કાકાપોરામાં, ઝેલમ નદીના કિનારા નજીક, ઈ.સ. ૧૦મી-૧૧મી સદીના એક પ્રાચીન શિવ મંદિરના અવશેષો આવેલા છે. આ મંદિર રાજા અવંતિવર્મનના ઉત્પલ વંશના સમયગાળાનું માનવામાં આવે છે અને કાશ્મીરના ઓછા જાણીતા વારસા સ્થળોમાંનું એક છે. ઘણા ઈતિહાસકારો કાકાપોરાને પ્રાચીન ખાગીપુરા નગર સાથે ઓળખાવે છે, જેનો ઉલ્લેખ કલ્હણની રાજતરંગિણીમાં જોવા મળે છે. માન્યતા મુજબ આ નગરની સ્થાપના રાજા ખગેન્દ્ર દ્વારા કરવામાં આવી હતી, જેના કારણે આ વિસ્તારને વિશેષ ઐતિહાસિક મહત્ત્વ પ્રાપ્ત થયું છે. આજે મંદિરનો માત્ર ગર્ભગૃહ, મંદિરનો ચબૂતરો, પાયો અને તેની આસપાસની પરિભ્રમણ દિવાલોના કેટલાક ભાગો જ અસ્તિત્વમાં છે. અહીંથી અનેક પથ્થરની કોતરણીવાળી કૃતિઓ પણ મળી આવી છે, જેમાં સ્થાનિક લોકો રાણી તરીકે ઓળખતી સ્ત્રીની પ્રતિમા તથા પથ્થરનું સ્નાનપાત્ર વિશેષ નોંધપાત્ર છે.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં કાશ્મીરી પંડિતોના સ્થળાંતર સુધી આ મંદિર પૂજા-અર્ચનાનું પવિત્ર સ્થાન રહ્યું હતું. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા સ્થળને ઘેરીને તેનું સંરક્ષણ કરવામાં આવ્યું હોવા છતાં મંદિર હજુ પણ નાજુક સ્થિતિમાં છે. વર્ષ ૨૦૧૪ની વિનાશક પૂરના કારણે તેને વધુ નુકસાન થયું હતું અને ઘણી કોતરણીવાળી શિલાઓ હવે તૂટી ગઈ છે અથવા હવામાનની અસરથી ક્ષતિગ્રસ્ત બની ગઈ છે.

આ પ્રાચીન મંદિર માત્ર ખંડેર નથી; તે કાશ્મીરના ગૌરવશાળી ભૂતકાળનો જીવંત સાક્ષી છે. તેના ઈતિહાસનો વધુ ભાગ સદાકાળ માટે લુપ્ત થઈ જાય તે પહેલાં તેને વધુ ધ્યાન, સંભાળ અને સંરક્ષણ મળવું અત્યંત જરૂરી છે.શિવ મંદિર, પહૂ - રત્નીપોરા, પુલવામામાં ખૂબ જાણીતું છે .પુલવામા જિલ્લામાં વધુ એક ઉપેક્ષિત શિવમંદિર છે.આપણી આસ્થા અને પરંપરાના પ્રતીકોને સમય અને અવગણનાના ભરોસે છોડી દેવામાં આવ્યા હોય તેવું જોવું ખરેખર દુ:ખદ છે.

રત્નપોરાના મુખ્ય માર્ગ પર આવેલું આ પ્રાચીન મંદિર વર્ષોની ઉપેક્ષા છતાં આજે પણ અસ્તિત્વમાં છે.

વિચારી જુઓ, કેટલું મજબૂત રીતે મંદિરનું નિર્માણ રહ્યું હશે .એક ભવ્ય ચિનાર વૃક્ષની છાયામાં આવેલું આ મંદિર શિવલિંગને સમાવે છે, જે ભક્તોની રાહ જોઈ રહ્યું છે કે તેઓ ફરી અહીં આવી જલાભિષેક કરે. ચિનાર વૃક્ષની નીચે એક પ્રાચીન પથ્થરની મૂર્તિ પણ આવેલી છે, જે આ પવિત્ર સ્થળના ઐતિહાસિક મહત્ત્વમાં વધારો કરે છે. આ મંદિરની આસપાસ વસવાટ કરતા અને ભૂતકાળમાં અહીં સાથે જોડાયેલા પરિવારો એક થઈને આ પવિત્ર ધામના જીર્ણોદ્ધાર અને સંરક્ષણ માટે આગળ આવે અને સતત પ્રયત્ન કરે એ અતિ આવશ્યક છે. આ મંદિર આપણા પૂર્વજોની અમૂલ્ય ધરોહર છે. ઈતિહાસનું યોગ્ય દસ્તાવેજીકરણ થઈ શકે અને તેને ભાવી પેઢીઓ માટે સંરક્ષિત રાખી શકાય એ માટે મંદિરોનું યોગ્ય રીતે જાણવણી રાખવું ખૂબ જરૂરી છે.

# પ્રેમને ખાલી ખિસ્સું પોષાતું નથી..!




**प्रेम-प्रेम सब कोइ कहै,**
**प्रेम न चीन्है कोय।**
**आठ पहर भीना रहे, प्रेम**
**कहावै सोय॥**

જેમ યુદ્ધ-અરાજકતા-અશાંતિ-ગરીબી-મોંઘવારી વગેરે, વિશ્વમાં નાબુદ થવાનું નામ લેતી નથી, એમ પ્રેમ પણ કોઈનો પીછો છોડતું નથી. ગલીગલીમે એક જ વાદ, પ્રેમનાદ...પ્રેમનાદ..! પ્રેમ એવું વળગણ છે કે, જેને ઉમર કે સંબંધનો બાધ આડો આવતો નથી. એટલે તો ક્યાંક વેવાઈ વેવણને લઈને ભાગી જાય, તો ક્યાંક વિદ્યાર્થી 'ગુરી' ને લઈને Long drive ઉપર નીકળી જાય. ભગવા-ઝભ્ભા બદનામ થાય એ બોનસ..! આવું સાંભળીએ ત્યારે પ્રેમ પંથ પાવકની જવાળા વિધાનો જવાળામાં અગ્નિ-સ્નાન લેતા હોય એવું લાગ્યા કરે..!

આજે મીરાબાઈ-રાધા-તુકારામ-નરસિંહ મહેતા વગેરેના દૈવિક પ્રેમ ઉપર કંઈક ચીતરવાનો મારો ઈરાદો હતો, પણ ચમનીયો આડો ફરી વળ્યો. તમે તો જાણો છો કે, ચમનીયો એટલે હાસ્યનો બોંબ..! ફૂટે ત્યારે કરમાયેલા રીંગણ જેવા ચહેરામાં પણ હાસ્ય ફોડી કાઢે. ચમનીયાનાં નાકમાં ખંજવાળ જ આવવી જોઈએ, સળી કર્યા વગર જંપે નહિ.. કુતરું સીધું જતું હોય તો પણ, તેને 'હઅઅઅડ' કરે..! ત્યાં સુધી એની પાચન ક્રિયામાં વેગ જ નહિ આવે. એમાં આ વખતે હું એની અડફટે આવી ગયો. આધ્યાત્મિક પ્રેમને બદલે 'લપ્પુક' પ્રેમના રવાડે ચઢી ગયો. મને કહે, 'ક્યારેક પ્રેમલા-પ્રેમલી' ઉપર પણ કલમ ચલાવવાની રમેશિયા..! યુવાનોને પણ લાગે કે, અમારામાં હવા ભરવાવાળા કોઈ બેઠા છે. પ્રેમ તો યુવાનોમાં છવાય જવાનો ધોરીમાર્ગ છે. જોતો નથી..? પૂર્વજોએ આખે આખો ફેબ્રુઆરી મહિનો પ્રેમલા-પ્રેમલી માટે ફાળવેલો. ફણીધર નાગ જેવા Love Days બધા ફેબ્રુઆરીમાં જ આવે..? મને અધિક માસમાં આવી સલાહ આપે બોલ્લો..! ચમનીયાની છાતી આમ તો સાંકડી, પણ મારાથી લાંબો બહુ...! શૈલી ઘણીવાર ચેતવતી કે, "લાંબા સાથે ટૂંકો ચાલે, મરે નહિ તો માંદો પડે..!' છતાં, જીગરજાન મિત્ર રહ્યો એટલે, થોડુક તો એનું રાખવું પડે. બાકી પ્રેમ એટલે, સંવેદનશીલ અને જવલનશીલ પણ ખરો..! એ આપણે ક્યાં નથી જાણતા..? આજકાલ તો છોકરાને દુકાને લસણ લેવા મોકલ્યો હોય તો, એટલામાં પણ Love કરીને આવે..!

જો કે, અમારા જમાનામાં પણ પ્રેમના પડકારા તો હતા, પણ અત્યારના જેટલા હાઈ-ફાઈ અને ચેપી નહિ..! પ્રેમમાં 'સેન્સ' કરતા નોનસેન્સ વધારે રહેતા. મોઢાની નકશી પણ એવી 'સેક્સી' નહિ રહેતી કે, એકબીજા ઉપર 'ફિદા' થઇ જવાય..! તેલના કુંડામાં માથું પલાળીને નીકળ્યા હોય એવા લટિયા જોઈને કોણ કહે કે, I love you Ramesh..? છોકરી 'છીઈછીઈ' બોલીને ભાગી જતી..! આજે તો એર-લાઈન કરતા પણ LOVE LINE ફાસ્ટ..! ખિસ્સામાંથી સદગુરુના ફોટા નીકળવાને બદલે, પ્રિયંકા કે સલમાનના ફોટા નીકળે..! નહિ અમે 'રોમેન્ટિક' કે નહિ અમે 'એન્ટીક'.. I LOVE YOU તો ઠીક 'અલી કેમ છે' કહેવામાં પણ, હોઠે ખંભાતી તાળા લાગી જતા.! કોઈ છોકરી સામે ભૂલમાં પણ પાંચ ફૂટના અંતરે ઉભેલા કોઈ જોઈ ગયું તો, , ગામમાં વાત વાયરલ થતી કે, 'ફલાણાને ફલાણી સાથે 'છીમછીમ' છે..!' આજે તો આસોપાલવ ઉપર કેરી ઉગવાની હોય, એમ મીટ માંડીને રાહ જુએ કે પેલી ક્યારે ફરકે .! એમાં એકાદ જો 'હાઈ' કહી ગઈ તો ભીનેવાન થઇ જાય..! આપણા ચામડા ઉનાળામાં બળે, ત્યારે પ્રેમઘેલા(લી) ને વસંતના વાયરા લાગે, ને કાગડાનાં અવાજમાં કોયલના ટહુકા સંભળાય..! હવે તમે જ વિચારો કે, ઉમરની છેલ્લી ઓવર ચાલતી હોય, ને ચમનીયો લપ્પુક પ્રેમ વિષે લખવા કહે, તો લખાય..? કાગળની હોડીમાં બેસીને દરિયો ખેડવા નીકળ્યા હોય એવું લાગે..! 'હસાહસ' માટે આવું મરણતોલ 'સાહસ' કરાય..? જાજરમાન કોફી હાઉસમાં બેસીને કોઈ પાગલ સાથે ઈઝરાયેલ-ઈરાન-અમેરિકાના યુદ્ધનો ઉકેલ શોધવાનું ગાંડપણ કરતા હોય એવું લાગે..! આપણને સંતના સ્વપ્ના આવે, ને આ બંદાઓને વલસાડ-સુરતમાં મનાલીની મૌસમ દેખાય..!

બધ્ધી વાત બરાબર કે, પ્રેમની રફતાર આગેસે ચલી આતી હૈ, નવી નથી આદિકાળથી છે. લયલા-મજનુ, શેણી-વિજાણંદ, રોમિયો-જુલિયટ, ક્લિયોપેટ્રા-માર્ક એન્ટની, ઓખા-અનિરુદ્ધ, હીર-રાંઝા, જેવાના તો પ્રેમના ઈતિહાસ લખાયેલા. એ લોકો સામેવાળાની પોઝીશન કે સામે વાળાના ખિસ્સા જોઈને પ્રેમ નહિ કરતા. આજે તો, ભૂખે પેટે ભજન નહિ થાય, એમ ખિસ્સા ખાલી હોય તો, પ્રેમનો દાણો ચાંપવા પણ નહિ ફરકે..! ને ભરેલા ખિસ્સા હોય તો, થોડોક સમય જાય એટલે, નાગના માથે દેડકી એવી બેસી જાય કે, પ્રેમ હાંસિયામાં ને ભાઈ ગજવામાં..! એમાંથી શરુ થાય ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા..! એની જાતને, એમાંને એમાં લગન કરતા છૂટાછેડાનાં ખર્ચા વધી ગયા..!ખિસ્સું એટલે પ્રેમનો આધારસ્તંભ. ખિસ્સું, એટલે ગજવો, હૃદયનાં વિસ્તારને સાચવીને બેઠેલો કાપડનો નાનો ટુકડો..! ખિસ્સું ભરેલું હોય તો ચમન શેઠ, ને ખાલી હોય તો ચમનીયો..! જેના ખિસ્સા તર, તેને ત્યાં સમંદર..! જેના ખિસ્સા ખાલી, તેને કાયમની પાયમાલી..! ખિસ્સું ભરેલું હોય તો ઐશ્વર્યા પણ 'હાઈ' કરી પાડે, નહિ તો જયસૂર્યા પણ 'હેલ્લો' કરવા નહિ આવે..! ખિસ્સા ભરેલા હોય તો, લાભ-અમૃતને શુભનાં ચોઘડિયા ઢોલીયે બંધાયેલા રહે, ને ખાલી હોય તો, પાળેલા કુતરા પણ પલાયન થઇ જાય..! ધનવાનના ખિસ્સામાં આખી બેંક હોય, ને ગરીબના ખિસ્સા બગડેલા ટ્રાફિક સિગ્નલ જેવા હોય..! એમાં અમુક તો કાળુડી કુતરીને આવ્યા ગલુડિયા..ની માફક એટલા ખિસ્સા પહેરીને નીકળે કે, શરીર ઉપર ખિસ્સા જ દેખાય. પછી ઘરમાં ભલે ઉંદરડા ભૂખે મરીને આપઘાત કરતા હોય..! પણ એકેય ખિસ્સામાં રૂપિયાની જમાવટ ના હોય..! સાથે એકાદ બે તો 'ચોર ખીસ્સી' પણ હોય. જે ખિસ્સાથી વધારે ચાલાક.! પ્રેમના દસ્તાવેજ એ ચોર ખીસ્સીમાં હોય..! શીઈઈઈટ..! .ખિસ્સા ઉપર મહાનિબંધ લખીને આપણે ક્યાં PHD થવું છે..? પણ આ તો એક વાત..! બાકી, વિકારી પ્રેમ એટલે રેશમી મોજા નીચેનું ખરજવું .એ દૂધના ઉભરા જેવા પણ હોય, ને સાગર જેવા શાંત અને ઊંડા પણ હોય. જે સમય, સ્થિતિ અને સંજોગ પ્રમાણે કાચીંડાની માફક રંગ બદલતા રહે. આમ તો, પ્રેમ શબ્દની સાઈઝ અઢી જ અક્ષરની, પણ ખુમારી બહુ ભારી..! પ્રેમ-લગ્ન-મૃત્યુ-જન્મ-ધર્મ-કર્મ-મર્મ-કૃષ્ણ અને પત્ની...વગેરે બધા જ અઢિયા શબ્દો, છતાં કેવાં તેજોમય..અ? દરેકના ચોકા અલગ..! મુદ્દાની વાત કરું તો પ્રેમ તો ઘણાએ કર્યો હોય, પણ પતિ પત્નીએ પોતપોતાના પ્રેમી વિષે ખુલ્લા મને એકરાર કર્યો હોય, એવું સાંભળવામાં આવ્યું નથી. ચલતીકા નામ ગાડી..!

**લાસ્ટ ધ બોલ**

શિક્ષકે ચમનીયાને પૂછ્યું કે, 'દૂરની માસીને અંગ્રેજીમાં શું કહેવાય..? ચમનીયો કહે, ' FARMACY...! આ ચમનીયો આજે એકાદ દેશમાં શિક્ષણ પ્રધાન છે બોલ્લો..! એના કપાળમાં કાંદા ફોડું..!

# ભાગો મત, જાગો..

## અભિવ્યક્તિ



**ડો. જે.એમ. નાયક (નવસારી)**
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

આજની પેઢીના યુવાન-યુવતીઓ એટલે કે આપ સૌ ડિજિટલ વિશ્વ યુગમાં ઉછરી રહયા છો ત્યારે તમને આજે જે ડિજિટલ મોડર્ન ઈકવીપમેન્ટની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે તેનો સદ્‌ઉપયોગ કરવા માટે અનુરોધ કરું છું. તમારા અભ્યાસના સંદર્ભે અનેક એજયુકેશનલ સોફટવેર તમને પ્રાપ્ય છે ત્યારે તેનો ભરપૂર ઉપયોગ કરવા નમ્ર સૂચન છે. યુટયુબ ઉપર પણ મનેજમેન્ટને લગતા અનેક કેસ સ્ટડીઝ અવેઈલેબલ છે ત્યારે વોટ્સ-એપ, ફેઈસબુક, ટવીટર ઈત્યાદિમાં તમારા સમયનો દુરૂપયોગ કરશો નહીં. મોબાઈલ ફોનનું વળગણ અથવા અમર્યાદિત અવિવેકભર્યો ઉપયોગ કરવાનું છોડી દેવા માટે પણ નમ્ર અપીલ છે.

મિત્રો, મને એમ કહેવામાં આવે કે સમય ઓછો છે અને મારે બે જ શબ્દમાં મારું વકતવ્ય પૂરું કરવાનું જણાવવામાં આવે તો તે બે શબ્દો આ પ્રમાણે છે : "Don't Quit" આ બે શબ્દોમાં તમારા જીવનની સફળતા પણ સમાયેલી છે. જીવનમાં કોઈપણ મુશ્કેલી આવે તો હિંમતથી સામનો કરશો. મેદાન છોડીને ક્યારેય ભાગશો નહીં. કાયર માણસો જ મુશ્કેલીઓથી દૂર ભાગે છે. જેમણે જીવનમાં સફળ થવું છે તેમણે તો જીવનમાં આવતી નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરીને તેને ઓવરકમ કરવામાં જ મઝા છે. ઓશો રજનીશજીએ પણ આજ મતલબનું એક પુસ્તક સમાજને ચરણે ધર્યું છે અને એ પુસ્તકનું નામ છે. ભાગો મત, જાગો. સમસ્યાઓઓનો સામી છાતીએ સામનો કરવાને બદલે એનાથી દૂર ભાગીએ તો પ્રોબ્લેમ્સ દૂર થતા નથી. બલ્કે સમસ્યાઓ વધતી જાય છે અને તેથી જ જીવનમાં જાગવાની જરૂર છે. ભાગવાની જરૂર નથી. કર્મ અને ભાગ્ય સંદર્ભે આજે જ એક સરસ મેસેજ વાંચ્યો. માણસ મહેનત કરીને આગળ વધી શકે કે નસીબથી આગળ વધે છે? આ પ્રશ્ન ઘણાને ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નનો પ્રત્યુત્તર પણ જાણવા જેવો છે. આપ સૌ જાણો છો કે બેન્કમાં જે લોકર હોય છે તે ખોલવા બે ચાવીઓ હોય છે. એક લોકરની ચાવી બેન્કના ગ્રાહક પાસે અને બીજી ચાવી બેન્કના મેનેજર પાસે હોય છે. તમે જાણો છો કે લોકર ખોલવા માટે બંને ચાવીની જરૂર પડે છે. ફકત ગ્રાહક પોતાની ચાવીથી કે ફકત મેનેજર પોતાની પાસેની ચાવીથી બેન્કનું લોકર ખોલી શકતો નથી. તમારી પાસેની ચાવીને પરિશ્રમની ચાવી તરીકે ઓળખી શકો છો. મેનેજર પાસેની ચાવીને ઉપરવાળાની કે ભાગ્યની ચાવી તરીકે તમે ઓળખી શકો. આપણે પરિશ્રમની ચાવી લગાવીએ તો ભાગ્યની પણ ચાવી સાથે લગાવીને જ લોકર ખોલી શકીએ. ફકત ભાગ્ય કે નસીબની ચાવીથી પણ લોકર ખુલતું નથી. આપણે પરિશ્રમની ચાવી નહીં લગાવીએ તો પણ તાળુ ખુલે નહી, મિત્રો, જીવનમાં ભાગ્ય અને કર્મ બંનેની જરૂર પડે છે.નિએલ ડોનાલ્ડ વોલ્સે એક સરસ મજાનો પ્રેરણાત્મક વિચાર આપ્યો છે. કમ્ફર્ટ ઝોન જયાં પૂરો થાય છે ત્યાંથી જિંદગીની શરૂઆત થાય છે. મહદ્‌અંશે આપણે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવાની તૈયારી રાખતા નથી. જો તમે સલામતીના ક્ષેત્રમાંથી બહાર નીકળો તો જ જીવનમાં વિકાસ કરી શકશો. સફળતા મેળવવા માટે કમ્ફર્ટ ઝોનને અતિક્રમીને બહાર નીકળવું પડે છે. વિકાસની તકને ઝડપવા માટે સલામત ક્ષેત્રે છોડવું પડે છે. મારે એવો અનુભવ રહયો છે કે જેનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય તે વ્યકિત કમ્ફર્ટ ઝોનને છોડી શકતી નથી. અને આ સલામતીના ક્ષેત્રેને છોડશો નહીં તો જીવનમાં શ્રેષ્ઠ પામવાથી તમે વંચિત રહી જશો. રોબર્ટ એલન કે જે ધી વન મિનિટ મિલિયોનેર પુસ્તકના સહલેખક છે તેઓ જણાવે છે કે તમારું જે શ્રેષ્ઠ છે અને તમે જે મેળવવા ઈચ્છો છો તે બધું જ કમ્ફર્ટ ઝોનની બહાર પડેલું છે. સફળતા મેળવવા માટે જોખમો લેવાની પણ તૈયારી રાખવી પડે છે. જીવનમાં કાલ્પનિક ભય રાખશો નહીં. તમારું SWOT એનાલીસીસ કરીને તમારી સ્ટ્રેન્થ, વીકનેસ, ઓપરચ્યુનીટીઝ અને ભયસ્થાનોથી વાકેફ રહેશો તો જ તમે પ્રગતિ કરી શકશો.

આપણે પોતાની જિંદગી અંગે આપણે પણ અવારનવાર ફરિયાદ કરતા રહીએ છીએ. આ પ્રમાણે complaints કરવાનો કોઈ અર્થ નથી. તેથી જિદંગી સામે ફરિયાદો કરવાનું માંડી વાળીએ તે આપણા હિતમાં છે.

પોતાની સામે જ કે આપણી સાથે સંકળાયેલા માણસો સામે ફરિયાદો કરતા રહીને સામે ચાલીને મુશ્કેલીઓ નોતરશો નહીં. લોકોને તમારી ફરિયાદો સાથે કોઈ જ નિસ્બત નથી. ખરેખર તો ફરિયાદ કરતા રહેવાને બદલે તમે તમારી જાતમાં વિશ્વાસ રાખો, તમે જે કંઈ પણ કરો તેમાં તમે શ્રદ્ધા રાખો અને તમારા પોતાનામાં આત્મવિશ્વાસ રાખીને તમારા લક્ષ્યને હાંસલ કરવા માટે તમારી પૂરેપૂરી તાકાત એમાં લગાવી દો. પ્રતિકૂળ સંજોગોનો પણ સામનો કરીનેતેના પર કાબૂ મેળવો. તમારા વ્યક્તિત્વને નિખાર આપતા રહો. તમારી પર્સનાલિટિ એવી બનાવો કે તમારી વાતને લોકોએ સાંભળવા મજબૂર બનવું પડે. આ દુનિયામાં માણસ તરીકે જન્મ આપવા પાછળ પણ પરમકૃપાળુ પરમાત્માનો કોઈચોકકસ હેતુ હશે.

વિદ્યાર્થી મિત્રો, આજના પ્રાઈઝ ડિસ્ટ્રીબ્યુશન સેરેમનીમાં ટ્રોફી, મેડલ, પારિતોષિક કે સર્ટિફિકેટ મેળવનારા તમામ તેજસ્વી તારલાઓને હું હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. મારો વ્યક્તિગત મત તો એવો છે કે પરીક્ષામાં બે ટકા ઓછા આવશે તો ચાલશે પરતું એક અચ્છા ઈન્સાન બનો તે વધારે અગત્યનું છે. આ દેશને ગ્રેજયુએટ્સ કરતાં પણ આદર્શ નાગરિકની વધુ જરૂર છે. જીવનમાં તમે તમારા ફુરસદના સમયનો સદ્‌ઉપયોગ કરશો એવો નમ્ર અનુરોધ કરું છું. પરમકૃપાળુ પરમાત્માએ દરેકને દિવસના ચોવીસ કલાકમાંથી ચારથી પાંચ કલાક ફુરસદના સમયના પણ આપ્યા છે. આ ફુરસદના સમયનો ઉપયોગ કઈ રીતે કરો છો તેના આધારે પણ તમારું ભાવિ નકકી થતું હોય છે. જીવનમાં બીજુ કંઈ શીખો કે નહીં શીખો પરંતુ તમારો જે સ્પેર ટાઈમ છે તેને વેડફી નાંખશો નહીં.

એનો પણ યથોચિત ઉપયોગ કરજો. મેં જોયું છે કે મહદ્‌અંશે ઘણા લાકો ફુરસદનો સમયનિરર્થક પ્રવૃત્તિઓમાં વેડફી નાંખે છે. જે બરાબર નથી.મેનેજમેન્ટ અને આચાર્યએ મને આજના સમારોહમાં નિમંત્રણ આપીને આપ સૌને મળવાની અને મારી વાતને આપ સાથે શેર કરવાની તક આપી તે માટે અંત:કરણપૂર્વ આભાર માની વિરમું છું.

# આજે મોદી સાણંદમાં સેમિકન્ડક્ટર OSAT પ્લાન્ટમાં ચીપના વ્યવસાયિક ઉત્પાદનનો શુભારંભ કરાવશે




અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૩ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૪ જુલાઈના રોજ સાણંદમાં CG સેમિની OSAT સુવિધા અંતર્ગત ચીપ્સના વ્યવસાયિક ઉત્પાદનનો શુભારંભ કરાવશે. વડાપ્રધાનના હસ્તે લૉન્ચ થયા બાદ આ કંપની દેશ વિદેશમાં તેમના ગ્રાહકોને સેમિકન્ડક્ટર ચીપ્સ મોકલશે. ભારતના સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત આ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી હતી. ઈ્પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ સોલ્યુશન્સ લિમિટેડની સબસિડરી કંપની CG સેમિ પ્રા. લિમિટેડ દ્વારા ૭૬૦૦ કરોડના ખર્ચે સાણંદમાં OSAT સુવિધા શરૂ કરવામાં આવી છે. CG સેમી સાથે જાપાનની રેનેસાસ ઇલેક્ટ્રોનિક્સ અને થાઈલેન્ડની સ્ટાર માઈક્રોઇલેક્ટ્રોનિક્સ સંયુક્ત ભાગીદારીમાં છે. આ પ્રોજેક્ટ શરૂ થવાથી સાણંદમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે. મોદીના જણાવ્યા અનુસાર ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસથી આ દાયકો ટેક ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. માઈક્રોન પ્લાન્ટના શુભારંભ બાદ કેન્સ સેમિકોન અને હવે CG સેમિ દ્વારા OSAT સુવિધા શરૂ થવાથી સ્થાનિક આર્થિક વિકાસને વધુ વેગ મળશે. OSATએટલે કે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી ટેસ્ટ પ્લાન્ટમાં ચીપનું ટેસ્ટિંગ અને પેકેજિંગ કરીને તેને માર્કેટમાં પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે. CG સેમિ દ્વારા બીજા એક પ્લાન્ટના નિર્માણનું કામ પણ અત્યારે પ્રગતિમાં છે. આ બન્ને OSAT સુવિધાઓ સાથે મળીને દિવસની કુલ ૧.૫ કરોડ ચિપ્સનું નિર્માણ કરશે. મોદી આવતીકાલે CG સેમિની OSAT સુવિધામાં વિવિધ સેમિકન્ડક્ટર પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરશે. આ પ્રસંગે તેમની સાથે કેન્દ્રીય ઈન્ફોર્મેશન અને ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડીયા ઉપસ્થિત રહેશે. OSAT સુવિધાના શુભારંભ બાદ વડાપ્રધાન એક સભાને સંબોધિત કરશે.આ OSAT સુવિધામાં QFN, QFP જેવી લિગેસી ચીપ્સ અને આધુનિક FC-BGA અને FC-CSP ચિપ્સનું નિર્માણ કરવામાં આવશે જે ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ડસ્ટ્રીઅલ સાધનો, ૫ઞ સાધનો અને પાવર એપ્લિકેશન ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરશે.

## વચનની કિંમત

**વીણેલા ફૂલ**
**- આશા વીરેન્દ્ર - વલસાડ**





સલમા પાંચ ભાઈ-બહેનોમાં સૌથી નાની. એની મા ખુરશીદને બે દીકરા અને બે દીકરી પછી આ વખતે દીકરો જ જન્મે એવી અપેક્ષા હતી પણ એક તો દીકરી જન્મી ને એ ય વળી કાળી-કલૂટી. આડોશી-પાડોશી ય કહી જતા, ખુરશીદ, તારાં ચારે છોકરાંઓ ગોરાં ગોરાં ને દેખાવડાં, ને આ નાનકી આવી કાળી મસ કેમ? જેવી અલ્લાની મરજી. એમાં આપણે શું કરી શકીએ? આગલાં ચારે મારી પર પડ્યાં ને આ એના બાપ પર!

સૌને આવો જવાબ આપતી ખુરશીદ પોતાના ભાઈને જોઈને ચોધાર આંસુએ રડી પડી. 'ઈબ્રાહીમ, આટલી શ્યામ છોકરીને પરણવા કોણ તૈયાર થશે? હું શું કરીશ?'

ઈબ્રાહીમ બહેનનાં આંસુ ન જોઈ શક્યો. એણે સાંત્વના આપતાં કહ્યું, 'ફિકર નટ્ટ કર. મારા સાજીદ સાથે હું એના નિકાહ કરીશ. તને વચન આપું છું. બસ! ખુરશીદે ખુશ થઈને ભાઈનો હાથ ચૂમી લીધો.

વીસ વર્ષ પછી જ્યારે એ વચન પાળવાનો સમય આવ્યો ત્યારે ઈબ્રાહીમના ઘરમાં ધમાલ મચી ગઈ. ઊંચો, દેખાવડો અને ગોરો સાજીદ પોતાની સાથે ઊભી હોય તોય શરમાવું પડે એવી સલમાને પરણવા તૈયાર નહોતો. વળી મામીને ય પોતાના દીકરા માટે રૂડી રૂપાળી દુલ્હન લાવવાના અરમાન હતા, એને બદલે સલમાને ગળે બાંધવાની વાત એ શેની સ્વીકારે? મા-દીકરાના વિરોધનો સામનો કરતાં ઈબ્રાહીમે કહી દીધું, તમારે બેઉએ જો મારી વાત ન માનવી હોય તો હું ઘર છોડીને ચાલ્યો જઈશ. મેં મારી બહેનને વચન આપ્યું હતું, પાળવું તો પડશે જ. અંતે ખાટકીવાડે લઈ જવાતા ઢોરની માફક સલમાને પરણીને સાજીદ પોતાને ઘરે લઈ આવ્યો. એની તરફ તિરસ્કારભરી નજર નાખીને પરણ્યાના બીજે જ દિવસે એણે પોતાની માને કહ્યું, 'અમ્મા, હું મારા દોસ્તને ઘેર જાઉં છું. ક્યારે આવીશ, નક્કી નહીં. મારી રાહ નહીં જોતાં. એક પછી એક સાત રાત સલમાએ પોતાના દુલ્હાની રાહ જોવામાં કાઢી. આઠમા દિવસે એ આવ્યો ત્યારે એની સાથે સિનેમાની હિરોઈનને ટક્કર મારે એવી ખૂબસુરત રેશમા હતી.

ક્યાં આવી ગયો સાજીદ ? માશાઅલ્લાહ, વહુ તો ગુડિયા જેવી છે ! મામીએ ઓળઘોળ થતાં કહ્યું એના પરથી સલમા સમજી શકી કે, આ મા-બેટાની મિલીભગત હતી.

Googleપોતાને આપેલી. હતી. ત્યાં ઊભેલા મામુ મોં ફેરવીને બેઠકખંડમાં જતા રહ્યા. કોઠારની ઓરડીમાં છાતીફાટ્ટ રૂદન કરતો સલમાએ અલ્લાને થાય એટલી ફરિયાદો કરી, ઠપકો આપ્યો, ન્યાય માગ્યો બધું ય કર્યું, હે ખુદા! મને જ શા માટે આવી ઘાટઘૂટ વિનાની બનાવી ? મામુએ મારી અમ્મીજાનને આવું વચન આપવાની શી જરૂર હતી, ને આ બધું થયું એમાંટ્ટ મારો શું વાંક?'

'સલમા, ચૂલા પર પાણીની દેગડી ચઢાવી કે નહીં ? હરામખોરને મોડે સુધી સૂઈ રહેવું છે. સલમા, સાજીદ અને રેશમાનો ચા-નાસ્તો એના રૂમમાં પહોંચાડી દે. આટલું બેસ્વાદ ખાવાનું તો કૂતરા ય ન ખાય ! યા અલ્લા ! મારા જ નસીબમાં આવી અનાડી વહુ તેં કેમ આપી?

મામી અને એની દીકરી તરીમ સલમાને ફીટકારવાનો એક્કે મોકો જતો ન કરતાં. ઈબ્રાહીમ છોકરીની દયા ખાઈને કંઈક બોલવા જાય તો મામી ભડકી ઊઠે, ચૂપ બેસી રહો તમે! આ બધી મુસીબતની જડ તમે જ છો. બહેનને આપેલું વચન પાળી લીધું ને એટલે બસ. હવે લાડકી ભાણેજની દયા ખાવાની કંઈ જરૂર નથી.

આ બધા જુલમ મૂંગે મોઢે સહન કરતી સલમા માટે રેશમાની તુમાખી સહી લેવાનું ખૂબ મુશ્કેલ હતું. રેશમાને પોતાના રૂપનું અને એ રૂપને કારણે સાજીદ પોતાના કબજામાં છે એનું એટલું અભિમાન હતું કે, એને મન સલમાની કિંમત એક નોકરાણીથી વિશેષ નહોતી.

રેશમાને મહિના રહ્યા હતા. આમ પણ નાજુક તબિયતની રેશમા પાંચમે મહિને વધારે નબળી પડી જવાથી સુવાવડ સુધી પિયર રહેવા ગઈ હતી. એક દિવસ રસોઈ બનાવી રહેલી સલમા પાસે સાજીદ અચાનક જઈ ચઢ્યો. એને આટલો નજીક આવેલો જોઈ સલમાનું દિલ જોર જોરથી ધડકવા લાગ્યું. સાજીદે ધીમેથી કહ્યું, આજે રાત્રે મારા કમરામાં આવજે. બસ, આટલું કહીને એ તો જતો રહ્યો પણ સલમા જાણે હોશ-હવાસ ખોઈ બેઠી. એને પોતાના કાન પર વિશ્વાસ નહોતો બેસતો. લાંબો સમય રેશમાથી દૂર રહેવું પડ તેથી પોતાની અંદર ભડકી ઊઠેલી ભૂખને સાજીદે સલમાના નારીદેહથી શાંત કરવા માંડી.

દિવસે એનું મોં જોવાનું ય પસંદ ન કરતો સાજીદ રાત પડે ને સલમાને પોતાના બાહુપાશમાં ભીંસી નાખતો. બધું સમજવા છતાં સલમા આ સૌભાગ્ય જેટલા દિવસ ભોગવવા મળે એટલા દિવસ મન ભરીને માણવા તૈયાર હતી. આજે રેશમા અમારી દીકરીને લઈને આવી જવાની છે. હવે ફરી મારી આશા ન રાખીશ.' આટલું કહીને એની સામે નજર કર્યા વિના સાજીદે ચાલતી પકડી. એક નિ:સાસો નાખીને સલમાએ પોતાની નિયતિને માથે ચઢાવી.

સલમાને દીકરો અવતર્યો ત્યારે એણે ખોળો પાથરીને અલ્લાનો આભાર માન્યો કે, એણે એને જીવવાનો સહારો તો આપ્યો ! દીકરાનું ચાંદ જેવું મુખ જોઈને એ બધાં દુ:ખટ્ટ ભૂલી જતી. સલીમના બાપ તરીકે સાજીદનું નામ લેવાતું એટલું જ, બાકી એને સલમા કે સલીમ સાથે કોઈ લેવા-દેવા નહોતી.

એક દિવસ અચાનક સલમાનો ભાઈ અહમદ આવી પહોંચ્યો. દીકરો જન્મ્યાના સમાચાર સાંભળીને ય પિયરથી કોઈ ફરક્યું નહોતું. આજે ભાઈને પોતાને આંગણે આવેલો જોઈ સલમા ખુશ થઈ ગઈ. મામીએ પણ એને બધાના ખબર અંતર પૂછ્યા ને એની આગતા-સ્વાગતા કરી. ભાઈ-બહેન એકલાં પડ્યાં ત્યારે અહમદ કહેવા લાગ્યો, 'દિલમાં એક આશા લઈને તારી પાસે આવ્યો છું. તારા સલીમ સાથે મારી બેટીના નિકાહ કરવાનું વચન આપીશ બહેના?

વચન શબ્દ સાંભળતાંની સાથે સલમાની આંખો જાણે પથ્થર થઈ ગઈ. એણે ધીમેથી કહ્યું, 'તું નહીં સમજે, એક સ્ત્રી જ સમજી શકે કે, આ વચન શબ્દએ મારું આખું જીવન નરક બનાવી દીધું છે. મને આ શબ્દનો ડર લાગે છે.

મેં તો બધું વેઠી લીધું પણ હવે કોઈ નિર્દોષ છોકરી મારા વચનનો ભાર વેંઢારે એ મને કબૂલ નથી. કોના આપેલા વચનની કિંમત કોણે ચૂકવવી પડે છે એ વચન આપનાર વિચારતુંય નથી. આવા કોઈ પણ વચનથી હું બંધાવા નથી માગતી.ઘરના આંગણામાં ઊભાં ઊભાં સલમા રિસાઈને ચાલ્યા જતા ભાઈને જોતી રહી ને પછી દુપટ્ટાથી આંખમાં આવેલાં આંસુ લૂછતાં ઘરમાં આવી.

(વિપિનકુમાર શર્માની હિન્દી વાર્તાને આધારે)

## પ્રતીક્ષાની ગરિમા - ચાતક મન એ જ પ્રેમની પરિભાષા

**નોખી-અનોખી**
**- કિંજલ પંડ્યા, પારડી**





આજના 'ઇન્સ્ટન્ટ' જમાનામાં જ્યાં બધું જ એક ક્લિક પર હાજર થઈ જાય છે, ત્યાં 'પ્રતીક્ષા' એટલે કે રાહ જોવી એ લોકોને સમયનો બગાડ લાગે છે. આપણી ધીરજ ખૂટી રહી છે, લાગણીઓ ક્ષણજીવી થઈ રહી છે અને સંબંધોમાં પણ ઉતાવળ વધી રહી છે. પણ સાહિત્યના પાને જેનું નામ સદીઓથી અમર છે તે ચાતક પક્ષી આપણને કંઈક જુદું જ શીખવે છે. ચાતક એ માત્ર એક પક્ષી નથી, પણ પ્રેમ, સમર્પણ અને ધૈર્યની એક જીવતી-જાગતી ફિલસૂફી છે. એ આપણને સમજાવે છે કે પ્રતીક્ષા એ કોઈ લાચારી કે નબળાઈ નથી, પણ એમાં એક અનોખી ગરિમા છે, એક અનોખો રોમાંચ અને નશો છે. જે પ્રેમમાં પ્રતીક્ષાનું આ તત્વ ભળે છે, એ પ્રેમ સમયના વહેણ સાથે ક્યારેય ઓસરતો નથી, પણ આકાશમાંથી વરસતી હેલીની જેમ વધુ દ્રઢ અને નશાલો બને છે. પ્રેમ અને વરસાદનો આ તાર જ્યારે એકબીજા સાથે જોડાય છે, ત્યારે સૃષ્ટિનો સૌથી સુંદર રોમાંચ જન્મે છે.

કુદરતે સર્જેલા તમામ જીવોમાં ચાતક કદાચ સૌથી વધુ સ્વાભિમાની અને એકનિષ્ઠ જીવ છે. ધરતી નદીઓ, તળાવો અને છલોછલ સાગરોથી ભરેલી હોવા છતાં, ચાતક ક્યારેય નીચે વહી જતા પાણી તરફ નજર પણ નથી કરતું. એની ચાંચ હંમેશાં આકાશ તરફ જ ખૂલે છે— માત્ર ને માત્ર વાદળમાંથી વરસતા પવિત્ર ટીપાંને ઝીલવા માટે. આકરા તાપથી જ્યારે આખી સૃષ્ટિ ત્રાસી પોકારે છે, ત્યારે પણ ચાતક અડગ રહીને આકાશ તરફ નજર માંડી બેસે છે. આ કોઈ સામાન્ય જીદ નથી, આ એની પસંદગી છે. જ્યારે તમે કોઈ વસ્તુ કે વ્યક્તિ માટે વ્યાકુળ હોવ અને છતાં તમારી ગરિમા જાળવી રાખો, ત્યારે એ પ્રતીક્ષા એક પવિત્ર તપસ્યા બની જાય છે. ચાતક આપણને શીખવે છે કે ગમે તેટલી તરસ અથવા જરૂરિયાત હોય, પણ પોતાના આત્મસન્માન અને સિદ્ધાંત સાથે ક્યારેય સમાધાન ન કરવું. સહેલાઈથી મળતી ગમે તે વસ્તુઓ પાછળ દોડવા કરતાં, પોતાના સ્તરને અનુરૂપ પરમ તત્વની રાહ જોવી એ જ અસલી ગરિમા છે.

આ જ ગરિમા જ્યારે માણસના હૃદયમાં -પ્રવેશે છે, ત્યારે એ સાચો 'પ્રેમી' બને છે. પ્રેમની સાચી કસોટી ક્યારેય મિલનની ક્ષણોમાં નથી થતી, એ તો વિરહ અને પ્રતીક્ષાના ગાળામાં થાય છે. જે પ્રેમ ખૂબ ઝડપથી શરૂ થાય છે, એ ઘણીવાર એટલી જ ઝડપથી શાંત પણ થઈ જાય છે. પરંતુ જે પ્રેમમાં ચાતક જેવી એકનિષ્ઠા હોય, ત્યાં પ્રિયપાત્રની પ્રતીક્ષા કરવાનો પણ એક અનોખો કેફ હોય છે. આકાશમાં જ્યારે કાળાં-ડિબાંગ વાદળો ઘેરાય છે, ત્યારે પ્રતીક્ષાનો એ રોમાંચ ચરમસીમાએ પહોંચે છે. જ્યારે તમે કોઈના માટે હૃદયપૂર્વક રાહ જુઓ છો, ત્યારે એ સમય દરમિયાન વીતેલી દરેક ક્ષણ તમારા પ્રેમને વધુ ઊંડો અને પવિત્ર બનાવે છે. એ પ્રતીક્ષામાં એક એવો ગૂઢ નશો હોય છે જે તમને દુનિયાના અન્ય તમામ આકર્ષણોથી મુક્ત કરી દે છે. જેમ ચાતક માટે વાદળ સિવાય બીજું કંઈ અસ્તિત્વ ધરાવતું નથી, તેમ સાચા પ્રેમી માટે પોતાના પ્રિયપાત્ર સિવાય આખી દુનિયા શૂન્ય થઈ જાય છે.

પરંતુ, આ પ્રતીક્ષાની સાથે જોડાયેલો છે એક આકરો વિરહ. વાદળોની ગર્જના અને વીજળીના ચમકારા વિરહમાં જીવતા પ્રેમીઓ માટે એક સુંદર પણ અસહ્ય સજા બની જાય છે. જ્યારે બહાર ધોધમાર વરસાદ પડતો હોય, બારીના કાચ પર પાણીના ટીપાં એકબીજાની રેસ લગાવતા હોય, ત્યારે રૂમની અંદર બેઠેલી વ્યક્તિના મનમાં યાદોનું વાવાઝોડું ચાલતું હોય છે. તાપ પછી આવેલો આ ઠંડો પવન જ્યારે શરીરને સ્પર્શીને પસાર થાય, ત્યારે એ પવન હૂંફ આપવાને બદલે પ્રિયપાત્રની ગેરહાજરીની બળતરા વધારે છે. આકાશમાંથી પડતું દરેક ટીપું વિરહી હૃદય પર જાણે એક સવાલ બનીને પડે છે, તું ક્યાં છે? વિરહમાં આ વરસાદ પ્યાલીમાં રેડાતા કડવા અમૃત જેવો લાગે છે. આંખમાંથી વહેતા આસું અને આકાશમાંથી વરસતું પાણી, બંને એકાકાર થઈ જાય છે. ત્યારે એવું લાગે કે કુદરત પણ આપણા વિરહના દુ:ખમાં ભાગીદાર થઈને રડી રહી છે. વિરહની એ રાતો લાંબી થઈ જાય છે, જ્યાં વીજળીનો દરેક ચમકારો હૃદયમાં ફાળ પાડે છે કે કાશ, આ પ્રકાશમાં તારો ચહેરો દેખાઈ જાય!

પણ, જેમ આકરા તાપ પછી વરસાદ નિશ્ચિત છે, તેમ વિરહના વાદળો વિખરાયા પછી મિલનની એ હેલી પણ એટલી જ રોમાંચક હોય છે.


જરા વિચારો, જો ચાતકને રોજ પાણી મળતું હોત, તો શું એને વરસાદના એ પહેલા ટીપાંની આટલી કિંમત હોત? કદાચ નહીં. પ્રતીક્ષાનો ખરો નશો એ છે કે તે મિલનની ક્ષણને અણમોલ અને રોમાંચથી ભરપૂર બનાવી દે છે. લાંબી રાહ જોયા પછી જ્યારે આકાશમાંથી અમૃત વરસે છે અને એ જ મૌસમમાં જ્યારે પ્રિયપાત્ર અચાનક સામે આવીને ઊભું રહે છે, ત્યારે સમય જાણે થંભી જાય છે. એ ક્ષણે હાથમાં રહેલી છત્રી ગૌણ બની જાય છે. લોકલાજ, દુનિયાના નીતિ-નિયમો, કાલે શું થશે એની ચિંતા, આ બધું જ એ ધોધમાર વરસતા પાણીમાં ધોવાઈ જાય છે. ત્યાંથી શરૂ થાય છે મિલનનો ખરો રોમાંચ. પ્રેમીઓ એકબીજાનો હાથ પકડીને જ્યારે રસ્તા પર નીકળી પડે છે, ત્યારે એ ભીની માટીની સુગંધ એમના પ્રેમની સાક્ષી પૂરે છે. વરસાદના ટીપાં જ્યારે પ્રિયતમાના ચહેરા પરથી, એની ભીની લટોમાંથી સરકીને હોઠ સુધી પહોંચે છે, ત્યારે એ દ્રશ્ય કોઈ કાવ્યથી કમ નથી હોતું. એ વખતે શબ્દોની જરૂર નથી પડતી, આંખો જ બધું કહી દે છે. હૃદયના ધબકારા એટલા વધી જાય છે કે બહાર થતો વાદળોનો ગડગડાટ પણ એ ધબકારાની સામે શાંત લાગે છે. એ ભીંજાવું માત્ર શરીરનું નથી હોતું, એ બે આત્માઓનું એકબીજામાં ઓગળી જવું હોય છે. એક એવી ક્ષણ જ્યાં હું અને તું મટીને બસ આપણે બની જવાય છે. પ્રતીક્ષા આપણને માત્ર મેળવતા નથી શીખવતી, પણ એ મેળવેલી ક્ષણોની સાચી કદર અને એનો રોમાંચ માણતા શીખવે છે.

આ મોસમ આપણને જીવન જીવવાનો એક નવો દ્રષ્ટિકોણ આપે છે. ઓફિસની ફાઈલો, લેપટોપની સ્ક્રીન, કમાવવાની દોડધામ અને રોજિંદી ચિંતાઓ વચ્ચે આપણે ક્યાંક આપણી અંદરના એ પ્રેમીને સંકોચીને બેસી ગયા હોઈએ છીએ. પણ જ્યારે આ પહેલી હેલી આવે છે, ત્યારે એ આપણને ઢંઢોળીને જગાડે છે. એ કહે છે કે, રોકાઈ જા થોડીવાર... જો, કુદરત પણ બધું કામ છોડીને વરસી રહી છે, તો તું કેમ બંધન મુક્ત નથી થતો?

જો આજના દોડતા જીવનમાં માનસિક શાંતિ અને સાચો પ્રેમ જોઈતો હોય, તો આપણી અંદર થોડું ચાતક મન કેળવવું પડશે. ઉતાવળ છોડીને ક્યારેક કોઈની શુદ્ધ હૃદયથી રાહ જોવાની મજા લેવી જોઈએ. બધી જ ગણતરીઓ છોડીને, હૃદયના દરવાજા ખોલી નાખીએ અને એકબીજાના શ્વાસમાં શ્વાસ પરોવીને કહીએ આવી છે હેલીની મૌસમ, ચાલને ભીંજાયે... કારણ કે જે પ્રતીક્ષામાં ગરિમા છે, એ જ પ્રેમમાં અસલી, કાયમી અને રોમાંચક નશો છે.

## સમજણ કિનારે ખોઈ છે એથી વધારે શું કહું તને..

**સંવેદન**
**- ડૉ. બાબુ ચૌધરી, નાનાપોંઢા**





ધસમસ નદી મેં જોઈ છે
એથી વધારે શું કહું તને!
સમજણ કિનારે ખોઈ છે
એથી વધારે શું કહું તને!
તું ભીષ્મ સાથે આજ મારા
દર્દને સરખાવ લે હવે,
મેં જાત ભાલે પ્રોઈ છે
એથી વધારે શું કહું તને.
એકાદ કણ પણ હેમનો
મળશે મને એ આશથી સતત,
મેં ધૂળ કાયમ ધોઈ છે
એથી વધારે શું કહું તને.
આ ઝાડ કાપી એ બધા
ચાલ્યા ગયા ને રાતભર પછી,
ત્યાં વેલ વળગી રોઈ છે
એથી વધારે શું કહું તને.
એના વગર તો આટલી
હલચલ કદી ના હોય આંગણે!
ભીતર હજી પણ કોઈ છે
એથી વધારે શું કહું તને.

-શ્યામ ઠાકોર

(દ્વાર ખખડાવે હવા માંથી)

ગઝલકાર શ્યામ ઠાકોરની ગઝલ ધસમસ નદી મેં જોઈ છે એથી વધારે શું કહું તને! અત્યંત સંવેદનશીલ, પ્રતીકાત્મક અને આંતરિક વેદનાને સ્પર્શતી ગઝલ છે. દ્વાર ખખડાવે હવા ગઝલસંગ્રહમાંથી લેવામાં આવેલી આ ગઝલમાં કવિએ જીવનના દુ:ખ, સંઘર્ષ, ત્યાગ, આશા અને સ્મૃતિને સરળ છતાં ગહન ભાષામાં વ્યક્ત કર્યા છે. દરેક શેરના અંતે આવતું એથી વધારે શું કહું તને! રદીફ માત્ર શૈલીનું સૌંદર્ય જ વધારતું નથી, પરંતુ કવિના હૃદયમાં છુપાયેલા અનકહ્યા દુ:ખનો પણ સશક્ત સંકેત આપે છે. ગઝલનો પ્રથમ શેર—

*ધસમસ નદી મેં જોઈ છે એથી વધારે શું કહું તને!*
*સમજણ કિનારે ખોઈ છે એથી વધારે શું કહું તને!*

મત્લામાં કવિ જીવનને ધસમસતી નદી સાથે સરખાવે છે. નદી અહીં જીવનના પ્રવાહ, સંઘર્ષ અને અનિશ્ચિતતાનું પ્રતીક છે. જીવનના પ્રચંડ પ્રવાહમાં કવિએ માત્ર બહારના સંઘર્ષો જ નથી જોયા, પરંતુ પોતાની સમજણ અને સ્થિરતા પણ ગુમાવી દીધી છે. સમજણ કિનારે ખોઈ છે અભિવ્યક્તિ અત્યંત અસરકારક છે. કિનારો સામાન્ય રીતે સુરક્ષા અને સ્થિરતાનું પ્રતીક છે, પરંતુ ત્યાં જ સમજણ ખોવાઈ જવી જીવનની કરુણ વિસંગતિ દર્શાવે છે.

બીજા શેરમાં કવિ કહે છે—

*તું ભીષ્મ સાથે આજ મારા દર્દને સરખાવ લે હવે,*
*મેં જાત ભાલે પ્રોઈ છે એથી વધારે શું કહું તને.*

અહીં ભીષ્મનો સંદર્ભ ગઝલને પૌરાણિક ઊંડાણ આપે છે. ભીષ્મ બાણશય્યા પર પડેલા અસહ્ય પીડાના પ્રતીક છે. કવિ કહે છે કે તેણે પોતાની જાતને ભાલા પર પરોવી દીધી છે, એટલે કે પોતાના જીવનમાં અસંખ્ય ઘાવ સહન કર્યા છે. આ માત્ર શારીરિક નહીં, પરંતુ માનસિક અને લાગણીસભર વેદનાનું પણ દર્પણ છે. પોતાની પીડાને વ્યક્ત કરવા માટે કવિએ પૌરાણિક પ્રતીકનો સુંદર ઉપયોગ કર્યો છે.

ત્રીજો શેર આશા અને પરિશ્રમનું અનોખું ચિત્ર દોરે છે—

*એકાદ કણ પણ હેમનો મળશે મને એ આશથી સતત,*
*મેં ધૂળ કાયમ ધોઈ છે એથી વધારે શું કહું તને.*

હેમ એટલે સોનું. જીવનમાં સફળતા, સુખ અથવા મૂલ્યવાન સિદ્ધિ પ્રાપ્ત કરવાની આશામાં માણસ સતત મહેનત કરતો રહે છે. કવિ કહે છે કે સોનાનો એક કણ મળશે એવી આશાએ તેણે આખી જિંદગી ધૂળ ધોઈ છે. અહીં ધૂળ ધોવી એ નિરંતર સંઘર્ષ અને અથાક પ્રયત્નનું પ્રતીક છે. આ શેરમાં આશા અને વાસ્તવિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે.

ચોથો શેર પ્રકૃતિના માધ્યમથી કરુણ ભાવને અભિવ્યક્ત કરે છે—

*આ ઝાડ કાપી એ બધા ચાલ્યા ગયા ને રાતભર પછી,*
*ત્યાં વેલ વળગી રોઈ છે એથી વધારે શું કહું તને.*

ઝાડ અને વેલનો સંબંધ આધાર અને સ્નેહનું પ્રતીક છે. જ્યારે ઝાડ કાપી નાખવામાં આવે છે, ત્યારે તેની સાથે જોડાયેલી વેલ અનાથ બની જાય છે. વેલ વળગી રોઈ છે એ કલ્પના અત્યંત હૃદયસ્પર્શી છે. અહીં કવિએ પર્યાવરણનો પ્રશ્ન માત્ર નથી ઉઠાવ્યો, પરંતુ જીવનમાં આધાર ગુમાવનાર વ્યક્તિની વ્યથા વ્યક્ત કરી છે. કોઈ પ્રિયજનના વિયોગ પછી જે ખાલીપો સર્જાય છે, તેને આ શેર ખૂબ જ અસરકારક રીતે રજૂ કરે છે.

ગઝલનો અંતિમ શેર ખૂબ જ ગહન અને રહસ્યમય છે—

*એના વગર તો આટલી હલચલ કદી ના હોય આંગણે!*
*ભીતર હજી પણ કોઈ છે એથી વધારે શું કહું તને.*

આ શેરમાં આંગણું મનનું પ્રતીક છે. બહારથી બધું શાંત દેખાતું હોવા છતાં અંદર હજુ કોઈની સ્મૃતિ, કોઈની હાજરી અથવા કોઈ અધૂરી લાગણી જીવંત છે. કવિ કહે છે કે જો એ વ્યક્તિ હૃદયમાં ન હોત, તો આટલી ઉથલપાથલ ક્યારેય ન થાત. આ શેરમાં પ્રેમ, સ્મરણ, વિરહ અને આત્મસંવાદ—ચારેય ભાવો એકસાથે અભિવ્યક્ત થયા છે.

આ ગઝલનું સૌથી મોટું સૌંદર્ય તેની પ્રતીકાત્મક અભિવ્યક્તિ છે. નદી, કિનારો, ભાલો, હેમ, ધૂળ, ઝાડ, વેલ અને આંગણું—આ બધા શબ્દો માત્ર શબ્દો નથી, પરંતુ જીવનના વિવિધ અનુભવોના જીવંત પ્રતીકો છે. કવિ સીધું કંઈ કહેતા નથી, પરંતુ સંકેતો દ્વારા વાચકને વિચારવા પ્રેરે છે. આ જ ઉત્તમ ગઝલનું લક્ષણ છે.

ભાષાની દૃષ્ટિએ ગઝલ અત્યંત સરળ, પ્રવાહી અને સહજ છે, છતાં દરેક શેરમાં ગહન અર્થ સમાયેલો છે. એથી વધારે શું કહું તને! જેવી રદીફ ગઝલમાં સંગીતાત્મકતા સાથે ભાવનાત્મક ઊંડાણ પણ ઉમેરે છે. દરેક શેરમાં કવિ જાણે કહે છે કે શબ્દોની પણ મર્યાદા હોય છે; કેટલીક પીડા માત્ર અનુભવી શકાય, સંપૂર્ણ રીતે કહી શકાતી નથી.સમગ્ર ગઝલ માનવીના આંતરિક સંઘર્ષ, અધૂરી આશાઓ, ત્યાગ, વિરહ અને સ્મૃતિઓનું કાવ્યાત્મક દસ્તાવેજ છે. કવિ શ્યામ ઠાકોર ખૂબ જ ઓછા શબ્દોમાં જીવનના વિશાળ અનુભવને વ્યક્ત કરવામાં સફળ રહ્યા છે. ગઝલનો દરેક શેર સ્વતંત્ર રીતે પણ અર્થસભર છે અને સમગ્ર ગઝલ સાથે મળીને જીવનની કરુણ, સંવેદનશીલ અને તત્ત્વચિંતનસભર અનુભૂતિ કરાવે છે.

અંતે કહી શકાય કે આ ગઝલ માત્ર દુ:ખની અભિવ્યક્તિ નથી, પરંતુ જીવનના અનુભવોને પ્રતીકો દ્વારા રજૂ કરતી એક પરિપક્વ અને કલાત્મક રચના છે. વાચક જ્યારે આ ગઝલ વાંચે છે ત્યારે તે માત્ર કવિની પીડા જ નહીં, પરંતુ પોતાના જીવનના સંઘર્ષો, સ્મૃતિઓ અને લાગણીઓને પણ તેમાં પ્રતિબિંબિત થયેલી અનુભવે છે. આ જ આ ગઝલની સૌથી મોટી કાવ્યસિદ્ધિ છે.

## ઝરમર વરસાદ અને પ્રીતનું અવિરત ઝરણું

**પ્રીતનું ઝરણું**
**જ્યોતિ ઉત્પલ પંડયા, અતુલ**



વરસાદની ઝરમર બુંદો જ્યારે ધરતીના આંચલને સ્પર્શે છે, ત્યારે માત્ર પ્રકૃતિ જ નહીં, મન પણ ભીનું થઈ જાય છે. આકાશમાં છવાયેલા ઘેરા વાદળો, ઠંડી પવનની લહેર અને ભીની માટીની સુગંધ હૃદયમાં એવી મધુર ઝણઝણાટી જગાવે છે કે જાણે પ્રીતમની યાદો વરસાદ બની વરસી રહી હોય. વરસાદની દરેક બુંદમાં પ્રેમનો એક અણમોલ સંદેશ છુપાયેલો હોય છે. હરિયાળાં વૃક્ષો ઝૂમી ઊઠે છે, નદીઓ ખળખળ વહે છે, મોર આનંદથી નાચે છે અને પવન પણ પ્રેમનું ગીત ગાતો હોય તેમ લાગે છે. કુદરતનો આ અલૌકિક શણગાર મનના સૂના આંગણામાં લાગણીઓના દીવા પ્રગટાવી દે છે. આંખો બંધ કરીએ તો દરેક ટીપામાં પ્રિયજનનો સ્પર્શ અનુભવાય છે.ઉંમર ભલે જીવનના કોઈપણ પડાવે પહોંચી હોય, પરંતુ વરસાદ ક્યારેય વૃદ્ધ થતો નથી. તે દર વર્ષે નવી તાજગી, નવા સપના અને નવી આશાઓ લઈને આવે છે.

બાળપણમાં કાગળની હોડી તરાવવાનો આનંદ હોય, યુવાનીમાં પ્રીતમ સાથે ભીંજાવાની ઈચ્છા હોય કે વૃદ્ધાવસ્થામાં યાદોની ભીનાશ—વરસાદ દરેક વયે મનને ફરી એકવાર યુવાન બનાવી દે છે. પ્રેમ પણ વરસાદ જેવો જ છે. તે ક્યારેય શરતોમાં બંધાતો નથી. જ્યારે પ્રેમની લહેર હૃદયને સ્પર્શે છે, ત્યારે મનમાં પ્રીતનું ઝરણું અવિરત વહેવા લાગે છે. શબ્દો મૌન બની જાય છે અને લાગણીઓ આંખોમાંથી બોલવા લાગે છે. વરસાદની ઝરમર આપણને શીખવે છે કે જીવનમાં પ્રેમ, વિશ્વાસ અને લાગણી જ સાચી સંપત્તિ છે. જ્યાં પ્રેમ છે ત્યાં હરિયાળી છે, જ્યાં લાગણી છે ત્યાં જીવન છે. તેથી જ્યારે પણ ઝરમર વરસાદ વરસે, ત્યારે મનને પણ પ્રીતના રંગે રંગાઈ જવા દઈએ. કારણ કે વરસાદ થંભી જશે, પરંતુ પ્રેમની ભીની યાદો જીવનભર હૃદયમાં મહેકતી રહેશે.

## વિજ્ઞાન એટલે

**શબ્દથી શબ્દ સુધી**
**રમેશ પટેલ, સુરત**

માનવ શરીરમાં રક્તવાહિનીઓની લંબાઈ માણસના કદ અને વજન મુજબ ૧,૦૦,૦૦૦ થી૧,૨૫,૦૦૦ કિલોમીટર જેટલી હોય છે. રક્તવાહિનીના artery/ધમની,vein/શિરા અને capillary/કશિકા...એમ ત્રણ પ્રકારો છે કોઈપણ સમયે શરીરનું ૨૯ ટકા માત્ર ઓક્સિજનયુક્ત લોહી ધમનીમાં ૬૬ ટકા માત્ર ઓક્સિજનરહિત લોહી શિરામાં અને પટકા લોહી કેપિલરી એટલે કે કેશિકાઓમાં હોય છે.

કેશિકાઓ તેમના નામ પ્રમાણે માથાના કેશ( વાળ) કરતા પાતળી છે અને પાતળી દીવાલવાળી છે. હોવી પણ જોઈએ, કેમ કે તેમણે શરીરના અંદાજે ૭૫,૦૦૦ સૂક્ષ્મ કોષોને જીવનદાતા ઓક્સિજન પહોંચાડી તેમનો કાર્બન ડાયોક્સાઈડ નિકાલ માટે ગ્રહણ કરવાનો હોય છે.માણસનું વજન ૬૫ kg ધારો કે તો તેના રુધિરતંત્રમાં ચાર લીટર જેટલું લોહી ભ્રમણ કરતું હોય છે.

ઘન સ્વરૂપ ધરાવતો સૌથી હલકો પદાર્થ બાલસા વૃક્ષનું લાકડું છે. પ્રત્યેક ઘન મિટરે તે ફક્ત ૦.૧૬ ગ્રામ જેટલું વજન ધરાવે છે. તેથી એરોમોડેલિંગના શોખીનો મોડેલ પ્લેન બનાવવા માટે હંમેશા બાલસા વૂડ વાપરે છે.


બાલસા વૃક્ષના લાકડાનો ઉપયોગ પ્રવાહી નેચરલ ગેસની ટાંકી, રેફ્રિજરેશન ટ્રક, ઔદ્યોગિક કોલ્ડ સ્ટોરેજ... વગેરેના ઈન્સ્યુલેશન માટે તથા જહાજોમાં એન્જિન રૂમના ઘોંઘાટને તેંમા પૂરી રાખવા સાઉન્ડ પ્રોફિંગ માટે પણ વપરાય છે.

કુત્રિમ રીતે બનાવેલો સૌથી હલકો પદાર્થ કે સી- જેલ (SEA-gel)નામ આપ્યું છે. વજન પ્રત્યેક ઘન સેન્ટિમીટરે ૨૦ મીલી ગ્રામ છે.

સાગર સપાટીએ હવા કરતા પણ એરોજેલ ફેરો પદાર્થ છે .માટે પરપોટાની હવાને એરોજેલ એક ઈંટનો પણ ભાર ખમી શકે છે.

## સલામત રહેવું જરુરી છે : પણ કોનાથી ?

**સતરંગી શમણાં**
**-નીતા પી. જાદવ, રાજકોટ**



એક સમય હતો જ્યારે માણસ જંગલમાં હિંસકપ્રાણીઓ વચ્ચેરહેતો અને એનાથી સલામત રહેવું જરુરી હતું. પછી ધીરે ધીરેવિકાસના ચક્રો ગતિમાન થયા અને આજે પરિસ્થિતિ એવી આવીને ઊભીછે કે, માણસે જંગલો કાપીને હિંસકપ્રાણીઓના હાડ માંસ માંથીચીજવસ્તુઓ બનાવી ઊંચી કિંમતે વેચી નફો કમાતો થયો. ધીરે ધીરે પ્રાણીઓ તો ઠીક પણ નદીમાંઝેરી કેમિકલ વહેતા કરી નાખી જળસૃસ્ટિ તબાહ કરી નાખી અને નદીઓ પ્રદૂષિત ... વિકાસના નામ પણપહાડો કોતરી નાખ્યા અને ખનિજો માટે ખાણો ખોદી નાખી.... જંગલો કાપીને આર્ટિફિશિયલ છોડ લગાવતા થયા અને એક પેડ માં કે નામ અંતર્ગત જાણે પર્યાવરણના રખેવાળહોય એમ દેખાવ કરવા નીકળી પડ્યા. ડામર-સિમેન્ટના રસ્તાઓબનાવી ધરતીમાં પાણી ઉતરવાદીધું નહીં ને જે ભુગર્ભ જળ હતું એ પણચૂસી નાખ્યું.... દરિયામાં કચરાનો ઢગ ખડકીને માણસધરાયો ન્હોતો એટલે અવકાશમાં પણઉકરડોબનાવીને એને પણ ઝપેટમાં લઈલીધું.... આટલું ઓછું હતું કે, ભગવાન પણ ઉપરબેસી માણસની આ હલકી વૃત્તિ જોઈ થાકી ગયા હશે. આ તો પ્રકૃતિ અને એના આશરે જીવતી જીવસૃષ્ટિની તબાહીની વાત હતી.... પણ માણસ એટલી હદે ક્રૂર બની ગયો છે કે, એ ખુદ રાક્ષસ બની બેઠો છે .આજે એક ભોળોમાણસ કપટી લોકોથી એટલો ત્રસ્ત છે કે, એની કોઈ સીમા નથી. માણસ જેટલો બહારથીમીઠુંબોલે એટલું જ એના પેટમાંઝેરભરેલું હોય છે.જે લોકો ભક્તિનો વાતો કરે અને સારાહોવાનો દાવો કરે એજ મોટા શૈતાન નીકળતા હોય છે.આવા લોકોનું દોહરુંચરિત્ર એટલું જબરદસ્ત હોય કે, ભોળાલોકો એના કાવાદાવા સમજો શકતા નથી અને એની જાળમાં ફસાઈને એનો શિકારથઈ જાય છે. આવા લોકો મોઢે સ્મિત ને પીઠમાં ઘા મારવામાં ખૂબ એક્સપર્ટ હોય છે. તમારા બાજુમાં રહેતા પાડોશી, ઑફિસમાં સાથે કામ કરતાં લોકો, પરિવાર કે કુટુંબના લોકો કે મિત્રવર્તુળમાં તમને આવા લોકો ઠેર ઠેર જોવા મળશે.

એક વાર કદાચ તમે ઝેરી સાપથી બચી શકો, પણ આવા ઝેરીલા લોકોથી બચવું અશક્ય છે.માણસની સલામતી એટલી વિકટબની ગઈછે કે, આજે નાના બાળકોથી લઈનેવૃદ્ધવડીલો સુધીના બધામાણસ નામના ઘાતક પ્રાણીથી ત્રાહિમામ પોકારે છે.

એક સમયે અભણ અને ગરીબ લોકો ચોરી, છેતરપિંડી કે અન્ય ગુનાઓ આચરતા. પણ આજે શિક્ષિત અને સભ્યલોકોએ એમને પાછળ છોડી દીધા છે અને પોતે માણસાઈના પગથિયાંથીહેઠા પડી ગયા છે. ઘરના સભ્યોએ મંથરા અને શકુનિથી સુરક્ષિત નથી જે મીઠા થઈને પરિવારના સભ્યોને અલગ કરાવી દેતા હોય છે. કામના સ્થળે અથવા ઓફિસે પણ તમને એવા કાચિંડા મળો આવશે જે સ્વાર્થ ખાતર રંગબદલીને કોઈ બીજાની જિંદગીના રંગો છીનવતા હશે. તમારી પ્રગતિ જોઈને તમારો નજીકનો મિત્ર જ તમારી અદેખાઈ કરતો હશે કે તમે જેના દુ:ખમાં સૌથીપહેલાં ભાગ લીધો હશે તે જ માણસ તમારા જીવનમાં આવતી પડતું મુખ્ય પરિબળબનશે. આજે સલામતી એટલી અઘરી થઈગઈ છે કે .... કપટી કાચિંડા જેવા દોરંગામાણસથી ભોળા અને પોતાના કામથી કામ રાખવાવાળાને ખતરો છે. માટે માત્ર ગુનાહિત કૃત્યોથી સાવચેતરહેવાનું નથી, પણ તમારા જીવનની સુખશાંતિહરામ કરતા હરામખોર લોકોથી પણસલામત રહેવું . પોતાના સમજીને ગળેલગાડતા પહેલાં સામેવાળાને પહેલાં પારખીલેવા જેથી દુ:ખી થવાનો વારો ન આવે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

૩૭ જેટલા કોઝવેકમ પુલો પાણીમાં ગરક : ૫૦થી વધુ ગામો સંપર્કવિહોણા

# ડાંગ જિલ્લામાં બારે મેઘ ખાંગા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૩ :** ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં શુક્રવારે વહેલી સવારથી સાંજ સુધીમાં બારે મેઘ ખાંગા જેવી સ્થિતિનું નિર્માણ થયુ હતુ. ડાંગ જિલ્લાનાં જનજીવને જૂન મહિનામાં માત્ર વરસાદની પ્રતીક્ષા કરી હતી. જે પ્રતીક્ષા આખરે જુલાઈ મહિનાનાં પ્રારંભમાં પુરી થઈ છે.ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન, ગલકુંડ, બોરખલ, આહવા, ચીંચલી, ગારખડી, પીપલદહાડ, લવચાલી, પીપલાઈદેવી, સાકરપાતળ, વઘઇ, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, સુબિર, મહાલ, બરડીપાડા, સિંગાણા સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં શુક્રવારે દિવસ દરમ્યાન સાંબેલાધાર વરસાદ તૂટી પડતા સર્વત્ર પાણી પાણીની રેલમછેલ ફરી વળી હતી. ડાંગ જિલ્લામાં શુક્રવારે મેઘો રીતસરનો જામતા ઉદગમસ્થાનેથી નીકળતી અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ ગાંડીતુર હાલતમાં બની બન્ને કાંઠે



થઈ વહેતી જોવા મળી હતી. શુક્રવારે ડાંગ જિલ્લામાં ચોમાસાની સીઝનમાં પ્રથમ વખત નદી, નાળા, વહેળા, કોતરડા ગાંડાતુર હાલતમાં વહેતા થયા હતા. જેમાં ઉદગમસ્થાનેથી અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. ડાંગ જિલ્લામાં ભારે વરસાદનાં પગલે જિલ્લાના ૩૭ જેટલા ગ્રામ્ય માર્ગો ઓવરટોપિંગના કારણે ૫૦ જેટલા ગામો જિલ્લાનાં વહીવટી મથકથી સંપકવિહોણા બન્યા હતા. ડાંગ જિલ્લામાં ભારે વરસાદના પગલે પ્રભાવિત ગામોમાંથી વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તેમજ આવશ્યક સેવાઓ ખોરંભે ચડી હતી. હાલમાં પ્રભાવિત ગામડાઓનાં જનજીવનને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો છે.

ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાપુતારા પંથકમાં ૨૧૯ મિમી અર્થાત ૮.૭૬ ઈંચ, આહવા પંથકમાં ૨૨૯ મિમી અર્થાત ૯.૧૬ ઈંચ, સુબિર પંથકમાં ૩૧૨ મિમી અર્થાત ૧૨.૪૮ ઈંચ, જ્યારે સૌથી વધુ વઘઇ પંથકમાં ૩૬૦ મિમી અર્થાત ૧૪.૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લાનાં સાપુતારા-વઘઇ માર્ગ અને આહવા-વઘઈ માર્ગ સ્થિત આવેલ શિવઘાટનાં બન્ને ધોધ સોળે કળાએ ખીલી ઉઠ્યા હતા. શુક્રવારે આહવા નગર સહીત આસપાસનાં ગામડાઓમાં વરસાદે ભારે તાંડવ કર્યુ હતુ.જેના પગલે નાનકડા વહેળા કોતરડા અને ઝરણાઓ ગાંડાતુર બન્યા હતા.વરસાદી માહોલમાં આહવા નજીકનાં આ બન્ને ધોધ પુરજોશમાં સક્રિય માર્ગમાંથી પસાર થતા વાહનચાલકો માટે અહીના દ્રશ્યો મનમોહક બની ગયા હતા. નજીકનો ગીરાધોધ જીવંત થયો.ડાંગ જિલ્લાનાં વઘઇ નજીક અંબિકા નદી પર આવેલ ગીરાધોધ આજરોજ પાણીનાં જથ્થા સાથે સક્રિય બન્યો છે.વઘઇનો ગીરાધોધ નાઈગ્રા ફોલ તરીકે ઓળખાય છે.

આ ધોધની દર વર્ષે લાખોની સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાત લઈ સંભારણુ બનાવે છે. ત્યારે શુક્રવારે સાપુતારા સહીત વઘઇ પંથકમાં સાંબેલાધાર વરસાદ પડતા અંબિકા નદીમાં પુરની સ્થિતિ ઉદભવી હતી. અંબિકા નદીમાં પાણીનો જથ્થો વધતા બપોરબાદ ગીરાધોધ સક્રિય થયો છે.વઘઇનાં ગીરાધોધમાં પાણી સક્રિય થતા અહીનો નજારો અદભુત બની ગયો છે.હવે ગીરાધોધનો અદભુત અને આકર્ષક નજારો પ્રવાસીઓ

# ધરમપુરમાં ૧૨ કલાકમાં ૩.૫ ઈંચ વરસાદથી નદી-નાળા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૩ :** ધરમપુર તાલુકામા છેલ્લા ૧૨ કલાકમા નોંધાયેલા ૯૦ મી.મી વરસાદે નદી-નાળા છલકાવી દીધા હતા, જ્યારે આંબોસી ભવઠાંણનો પુલ તેમજ મોરદહાડ ચેકડેમ કમ પુલ ઉપરથી વરસાદી પાણી ફરી વળતાં આ વિસ્તાર થી પસાર થનારાઓનું જનજીવન પ્રભાવિત બન્યું હતું. બીજી તરફ વરસાદ ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થતાં ડાંગરની વાવણી અને રોપણીની કામગીરીમા જોતરાયા હતા.

ધરમપુર તાલુકાના આંબોસી-ભવઠાણ માર્ગ પર -થમ જ વરસાદમાં પુલ ઉપરથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો. આ માર્ગ જામલીયા, પાંડવખડક અને આંબોસી-ભવઠાણ સહિતના અનેક ગામોના લોકો માટે ધરમપુર તથા વલસાડ જવાનો મુખ્ય સંપર્ક માર્ગ હોવાથી ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તે ઉપરાંત બિલધા મોર-દહાડ વચ્ચે આવેલા ચેકડેમ કમ પુલ ઉપર પણ વરસાદી પાણી ફરી વળતાં ઓવરટોપિંગની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે આ માર્ગ પરથી પણ અવરજવર બંધ કરી દેવામાં આવી હતી.



ભારે વરસાદ અને પવનના કારણે જાગીરી, કુરગામ, આંબા તલાટ, ખારવેલ, માંકડબન અને ભેસધરા સહિતના ગામોમાં અનેક સ્થળોએ વીજ પોલ ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે ધરમપુર વીજ વિભાગના ઈજનેર જયેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કોન્ટ્રાક્ટર દીપેશભાઈ અને તેમની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી નુકસાનગ્રસ્ત વિસ્તારમા વીજ પોલ ઊભા કરી ટૂંકા સમયમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કર્યો હતો. જેના કારણે આ વિસ્તારના લોકોએ હાશકારો મેળવ્યો હતો.

ધોધમાર વરસાદથી તાલુકાભરના નદી-નાળા અને કોતરો છલકાઈ ઊઠ્યા હતા. વરસાદથી ખેતી માટે અનુકૂળ માહોલ સર્જાતા ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી હતી. હાલ ખેડૂતો ડાંગરની વાવણી બાદ રોપણીના કામમાં જોતરાઈ ખેતરોમાં ચોમાસાની ચહલપહલ જોવા મળી રહી છે.

ધરમપુરમાં સાંજના છ વાગ્યા સુધી ૯૦ મી.મી વરસાદ નોંધાયો હતો, જયારે ચાલુ ચોમાસાની સિઝનમાં કુલ ૨૬૪ મી. મી વરસાદ નોંધાતા સમગ્ર ધરમપુર તાલુકામાં ચોમાસાનો માહોલ જોવા મળ્યો હતો.

# નામધામાં વીજ પોલ પડતા ઘરની દિવાલને નુકશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** નામધા ગામે ઈલેક્ટ્રીક પોલ નવા બની રહેલા મકાન પર ધસી પડતા દિવાલને ભારે નુકસાન થવા પામ્યું છે. સાથે જો આ ઘરમાં કોઈ પરિવાર વસવાટ કરતો હોત તો તેને ગંભીર ઈજા કે જીવનું જોખમ ઊભું થાત તેઓ માહોલ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૮માં આવતા નામધા દેસાઈવાડથી ગુપ્તેશ્વર મહાદેવ મંદિર સુધી જતાં માર્ગ ઉપર સ્ટ્રીટ લાઈટ લગાવવાની કામગીરી તેમજ વીજપોલ નવા નાંખવાની કામગીરી કરાઈ રહી છે જે દરમિયાન બે દિવસ અગાઉ કાંઠા ફળિયામાં રસ્તાની બાજુમાં એક



નવા બની રહેલા મુકેશભાઈ નવલાભાઈ પટેલના મકાન ઉપર ગઈકાલે વીજ પોલ સિમેન્ટનો અચાનક ધસી પડતા આ નવા બની રહેલા મકાનની દિવાલ પડી જવા પામી હતી. સાથે ત્યાં કામ કરતા મજુરનો પણ ચમત્કારિક બચાવ થયો હતો. આ અંગે મકાન માલિક દ્વારા વીજ કંપનીના અધિકારીઓને જાણ કરતા તેઓએ આ કામગીરી અંગે તેમની જવાબદારી નહી હોવાનું જણાવી હાથ ઉચા કરી દીધા હતાં. જોકે આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ નાંખવાની કામગીરી કરનારી એજન્સી કે ડીજીવીસીએલ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી મકાન માલિકને નુકશાની ભરપાઈ કરી આપવામાં આવે તેવી માંગ કરાઈ રહી છે નહીં તો આ અંગે તેઓ ઉચ્ચ સ્તરે ફરિયાદ કરવાની તજવીજ પણ હાથ ધરાઈ રહી છે.

# વાપી જે-ટાઈપ રોડ ઉપર વરસાદી પાણીનું તળાવ સર્જાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૩ :** વાપીના જીઆઈડીસી વિસ્તારમાં આવેલા જે-ટાઈપ રોડ પર હનુમાન મંદિર તરફ જતા રોડ ઉપર સતત વરસી રહેલા વરસાદને કારણે માર્ગ પર પાણી ભરાઈ જતાં તળાવ જેવી સ્થિતિ સર્જાઈ હતી. રોડ પર પાણી ભરાઈ જવાથી વાહનચાલકો તેમજ કામદારોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ જીઆઈડીસી તંત્રની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને ગટરના મુખ પર જમા થયેલો કચરો તથા અન્ય અડચણરૂપ સામગ્રી દૂર કરી પાણીના નિકાલની કામગીરી હાથ ધરી હતી. ગટર સાફ થતાં ધીમે ધીમે પાણી ઉતરવાનું શરૂ થયું હતું.

# નવસારી જિલ્લામાં સતત વરસાદને પગલે ૩૪ માર્ગો બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે વિવિધ તાલુકાઓમાં કોઝવે પર ઓવરટોપિંગ થવા,રેલવે અંડરપાસમાં પાણી ભરાવા અને ડાયવર્ઝન ધોવાઈ જવાના કારણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક અસરથી કુલ ૩૪ માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. બંધ કરાયેલા રસ્તાઓમાં મુખ્યત્વે ચીખલી તાલુકાના ૦૯, વાંસદાના ૦૯, નવસારીના ૦૮, ગણદેવીના ૦૭ અને જલાલપોર તાલુકાના ૦૩ પંચાયત હસ્તકના મુખ્ય તથા ગ્રામ્ય માર્ગોનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા તમામ સંબંધિત વિભાગોને પરિસ્થિતિ પર સતત નજર રાખવા અને વરસાદનું જોર ઘટ્યા બાદ માર્ગોની સલામતી ચકાસીને જ વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના



નાગરિકોને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે કે, બંધ કરાયેલા માર્ગો કે પાણી ભરાયેલા કોઝવે પરથી અવરજવર કરવાનું જોખમ ન ખેડે અને તંત્ર દ્વારા મુકાયેલા બેરિકેડિંગ તથા સૂચના પાટિયાંનું ચુસ્તપણે પાલન કરે. ભારે વરસાદની સ્થિતિને જોતા નાગરિકોને મુસાફરી પર નીકળતા પહેલાં માર્ગોની સ્થિતિ જાણી લેવા, વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા અને ખૂબ જ અનિવાર્ય ન હોય ત્યાં સુધી બિનજરૂરી પ્રવાસ ટાળવા માટે અપીલ કરવામાં આવી છે.

# પારડી ચંદ્રપુર હાઈવે પર પાણી ફરી વળ્યા : અનેક રસ્તાઓ બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૩ :** પારડી સહિત તાલુકાના ગામડાઓમાં લાંબા સમય બાદ વરસાદ ચાલુ થતા એક તરફ ખેડૂતોમાં ખુશીની લહેર છે તો બીજી તરફ વરસાદના આગમનથી જનજીવન ખોવાઈ ગયો છે આજે વહેલી સવારથી ભારે વરસાદ શરૂ થયું હતું અને જુદા જુદા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતાં. અમદાવાદ તરફ જતા પારડી ચંદ્રપુર હાઈવે ઉપર પાણી ફરી વળ્યાં હતાં જ્યાં હાઈવે પર પસાર થતા વાહન ચાલકો ભારે હાલાકી ભોગવવા પડી હતી બીજી તરફ ચંદ્રપુર બ્રિજ નીચે પણ પાણી ભરાઈ જતા



શાળાએ અને નોકરી પર જતા વાહન ચાલકો ભારે મુસીબત માં મુકાઈ ગયા હતાં.

પારડી પોણીયા થી રેલવે સ્ટેશન તરફ જતો રસ્તા પર દર વર્ષ ની જેમ ફરી પાણી ફરી વળતા રસ્તો બંધ કરવા પડ્યો હતો અને ગામમાં આવેલ મંદિર પગથિયા સુધી પાણી ફરી વળ્યા હતા ઉમરસાડી દેસાઈવાડમાં ગામમાં પાણી ફરી વળ્યાં હતાં અને તમામ રસ્તા બંધ થઈ જતાં લોકોએ ભારે હાલાકી ભોગવવી પડી હતી અને એક ગામથી બીજા ગામ થઈ જવું પડ્યું હતું.

રામેશ્વર મંદિર પાસે આવેલ પલસાણા ગામમાં ગંગાજી ખાડીનો પુલ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને ભારે પાણી ફરી વળ્યાં હતાં જેથી આજુબાજુમાં ગામ જવા આવવા માટે રસ્તો બંધ કરવાની ફરજ પડી હતી.

# ચીખલી બાર એસો.ની કચેરીમાં વરસાદી પાણી ભરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૩ :** ચીખલી પંથકમાં મોડી રાતથી ભારે વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાના બનાવો બન્યા છે ત્યારે ચીખલી કોર્ટ કેમ્પસમાં પણ પાણી ભરાઈ ગયા હતા હાલમાં ચીખલી કોર્ટનું મકાન જર્જરિત હોય જેના કારણે પતરાના શેડમાં બાર એસોસિએશન અને સરકારી વકીલની કચેરી પતરા ના શેડ માં ચાલી રહી છે ત્યારે ધોધમાર વરસાદને કારણે ઓફીસની અંદર પાણી ભરાઈ જતા સરકારી રેકોર્ડ પણ ભીંજાય જવા પામ્યા છે એટલું જ નહીં પરંતુ પતરાના શેડ માં ઈલેક્ટ્રિક લાઈન દ્વારા પાણી આવી જતા શોર્ટ સર્કિટ થવાનો પણ ભય રહ્યો છે ત્યારે ચીખલી કોર્ટના જજ એસ.પી દવે દ્વારા તાત્કાલિક ઓફિસનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને માર્ગ મકાન વિભાગને એક લેખિત રજૂઆત કરી છે ચીખલી કોર્ટના સરકારી વકીલ શ્રી યોગેશભાઈ પટેલે પણ માર્ગ મકાન વિભાગને લેખિત રજુઆત કરી જણાવ્યું છે કે શોર્ટ સર્કિટ થાય અને કોઈ અકસ્માતનો ભોગ બને તો જવાબદારી કોની ?

# ખેરગામમાં બે દિવસમાં નવ ઈંચ સાથે સિઝનનો કુલ ૧૫ ઈંચ વરસાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૦૩ :** આખા જૂન માસમાં માંડ બે ઈંચ વરસેલા વરસાદે જુલાઈની પહેલીથી વિધિવત પ્રારંભ કરી બે દિવસમાં નવ ઈંચ જેટલો વરસાદ પડી ઝમકદાર શરૂઆત કરતા ધરતીપુત્રમાં ખુશીની લહેર ફેલાવી જ્યારે પાણી ભરાવાવાળી જગાની પ્રજાને અને પ્રશાસનને નિદ્રામાંથી જગાડી હતી.

ખેરગામમાં બીજીએ ત્રણ ઈંચ અને ત્રીજી એ ૬ ઈંચ જેટલો વરસાદ જેમાં સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં પાંચ ઈંચ જેટલો પડ્યો પરિણામે જનતા મિલની



ગલીમાં કે સાંકડી બજારમાં કેટલાકના ઘર દુકાનમાં પાણી પ્રવેશતા ઘર દુકાનમાં ભરાયેલા પાણી ઉચવામાં લાગવું પડ્યું હતું. પંચાયતમાં ભરાતા પાણીની વર્ષોની ફરિયાદનો નિકાલ નહીં થતાં પંચાયતના પદાધિકારીઓને વકીલ રહીશ વિગેરે ફોન કર્યા હતા પણ ઉકેલ મળ્યો હતો નહીં શુક્રવારની બપોર પછી બે માણસો મોકલી જનતા મિલને ગલી વકીલની સામે ગટર ખોદવાનું કામ શરૂ કરાયું હતું.

# બીલીમોરાના ગોહરબાગમાં ગંદકી ફેલાવતા હોટલ સંચાલકોને પાઠ ભણાવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૩ :** બીલીમોરા શહેરના ગોહરબાગ મુખ્ય માર્ગ પર ચાઈનીઝ હોટલના બેજવાબદાર સંચાલકો દ્વારા જાહેરમાં કચરો ફેંકી ગંદકીનું સામ્રાજ્ય ખડકી દેવાતા સ્થાનિકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો. આ નફફટાઈની જાણ થતાં જ વોર્ડ નં-૭ ના નગરસેવક ચિંતન શાહ રાત્રે ૧ વાગ્યે સપાટો બોલાવતા ઘટનાસ્થળે ધસી ગયા હતા અને કાયદાનું ભાન કરાવી હોટલ સંચાલકોને બરાબરના ખખડાવ્યા હતા. નગરસેવકે કડક વલણ અપનાવી ગંદકી કરનારા તત્વો પાસે જ રાતોરાત સમગ્ર માર્ગ પરથી કચરો સાફ કરાવી કાયદાનો પરચો આપ્યો હતો. જાહેર સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામેની આ લાલ આંખનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં નગરજનોએ આ આકરી કાર્યવાહીને બિરદાવી છે અને વેપારીઓને પણ સ્વચ્છતા જાળવવા સખત ચેતવણી આપવામાં આવી છે.

# ગણદેવીમાં ચોરીની બે બાઈક સાથે એક ઝડપાયો

**ગણદેવી, તા.૦૩ :** ગણદેવી વિશ્રામગૃહની બાજુમાંથી ચોરી થયેલી હીરો સ્પ્લેન્ડર બાઈક લઈને એક ઈસમ ગણદેવી ચાર રસ્તા તરફથી બીલીમોરા તરફ જઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ગણદેવી ધનોરી ચાર રસ્તા પાસેથી આરોપી પ્રીતેશ ઉર્ફે રાહુલ નિમેષભાઈ હળપતિ રહે. તા. ગણદેવીને ઝડપી પાડ્યો હતો.પોલીસમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે આ બાઈક ઉપરાંત મહુવા બસ સ્ટેશન ખાતેથી પણ અન્ય એક બાઈક ચોરી કરી હતી અને તેને નવસારી રોડ ઉપર મુકી રાખી હતી. પોલીસે બંને બાઈક કબજે કરી છે. આ સફળ કામગીરી PI એન.આઈ. રાઠોડ તથા તેમની સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ચીખલીના દેગામ ગામે મજૂરે ફાંસો ખાઈ આપઘાત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૩ :** ચીખલી તાલુકાના દેગામ ધોડિયાવાડ ખાતે નહેરની પાસે બનાવેલ રૂમમાં રહેતા મેવા ખેમાભાઈ ગુર્જર ઉ.વ. ૪૪ હાલ રહે ઘડોઈ ગામ ભગત ફળીયા તાલુકા મહુવા જી. સુરત મૂળ રહે. બાજુંદા ગામ તા. આસિંદ જી.ભીલવાડા રાજસ્થાન જેણે ગુરૂવારના રોજ રાત્રિના સમયે કોઈ અગમ્ય કારણોસર રૂમમાં લોખંડની એંગલ સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાય આત્મહત્યા કરી લીધી હતી બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઇ આર.એન વાડલે કરી રહ્યા છે.

# બલીઠા હાઈવે પર મામલતદાર કચેરી સામે મસમોટા ખાડા પડ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩ :** સુરત થી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર બલિઠા મામલતદાર કચેરી સામે ના માર્ગ પર પહેલા વરસાદમાં જ ખાડા પડી જતા વાહન ચાલકો પરેશાન બન્યા સાથે સર્વિસ રોડ ઉપર ની બાજુમાં સાઈડ શોલ્ડીંગ ની કામગીરી બરોબર નહીં કરાતા અનેક વાહનો ફસાઈ જવા પામ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા બે દિવસથી વાપી પંથકમાં ભારે વરસાદને લઈ દર વર્ષની જેમ આ વર્ષે પણ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર રસ્તો ધોવાય જવાની તેમજ ઠેર ઠેર ખાડા પડવાની ઘટના બની રહી છે જેમાં આજે સુરત થી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ના વાપી બલિઠાના મામલતદાર કચેરી તેમજ ટ્રાફિક પોલીસ વિભાગની કચેરી સામેના માર્ગ ઉપર મોટા મોટા ખાડાઓ પડી જવા પામ્યા છે. જેને કારણે આ ખાડાઓમાં સ્પીડમાં આવતા વહનચાલકનું સ્ટેરીંગ ઉપરનું સંતુલન ગુમાવતા અકસ્માત થવાની શક્યતા રહેલી છે. સાથે આ માર્ગની બાજુમાં બનાવવામાં આવેલ સર્વિસ રોડ ની ભરણી પણ બરાબર ન કરવાને કારણે અનેક સ્થળે રસ્તો બેસી જવાના તેમજ આ રસ્તા ઉપર થી પસાર થતા વાહનો ફસી જવા પડ્યા હતા જે અંગે તાત્કાલિક સર્વિસ રોડ ઉપર મેટલ ની ભરણી તેમજ નેશનલ હાઈવે નંબર ૪૮ ના માર્ગ ઉપર ખાડા પુરવામાં આવે જેના કારણે અકસ્માત થતા અટકશે અને વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ પણ દૂર થશે.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ડુંગરામાં સીસીટીવી કેમેરા ન લગાડતા કંપની સંચાલક સામે એફઆઈઆર

**વાપી, તા.૦૩ :** વાપીના ડુંગરા વિસ્તારમાં દમણગંગા ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલ એક કંપનીમાં સંચાલક દ્વારા સીસીટીવી કેમેરા લગાવવામાં ન આવતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. વાપીના ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી જયંતિ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નંબર ૫૩/bના સંચાલક મિતેશ મનહર બોસમિયા દ્વારા કંપનીની અંદર અને બહાર સીસીટીવી કેમેરા લગાવ્યા ન હતાં જે બાબત ડુંગરા પોલીસના ધ્યાનમાં આવતા પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા બદલ ગુનો દાખલ કર્યો છે.

## પારડી હાઈવે પર હિટ એન્ડ રન : યુવકનું મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૩ :** પારડી પોલીસ લાઈન પાછળ રહેતા દીપકભાઈ હાજુભાઈ શિયાળીયા ઉ.વ.ર શુક્રવારે સવારે ઘરેથી બાઈક પર દૂધના કેન લઈને વલસાડની ડેરીમાં દૂધ આપવા નીકળ્યો હતો. ત્યારે ચંદ્રપુર બ્રિજ ઉપર અકસ્માત થયો છે. જેમાં તેને ગંભીર ઈજાઓ થતાં પારડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતાં. દીપક વાપીથી વલસાડ તરફ જતાં માર્ગ પર ચંદ્રપુર બ્રિજ નજીક પહોંચ્યા ત્યારે પાછળથી આવેલા અજાણ્યા વાહને તેમની મોટરસાયકલને ટક્કર મારી સ્થળ પરથી વાહન લઈને ફરાર થઈ ગયો હતો.

## વાપી નજીકથી રૂા.૩૩ લાખના દારૂ સાથે બે ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૩ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ દમણથી સુરત તરફ જઈ રહેલી એક મહિન્દ્રા બોલેરો પિકઅપને વાપી નજીક રોકી તપાસ કરતાં દારૂ અને બિયરના જથ્થા સાથે





કુલ રૂા.૩૩,૦૮,૪૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસે પિકઅપમાં રહેલા રોહિત ઉર્ફે વીકી માલાકાર અને સોનુ નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી અંદાજે રૂા.૩૩.૦૫ લાખનો વિદેશી દારૂ, પિકઅપ વાહન તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં દારૂની હેરાફેરી પાછળ અન્ય બે શખ્સોની સંડોવણી પણ સામે આવી છે. પોલીસે તેમને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર કાર્યવાહી એલસીબીના પીએસઆઈ જે. જે. વસાવાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. આ અંગે વાપી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

### નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **ખાન મોહમ્મદ ખાલિદ મોહમ્મદ હદિસ** હતું જે બદલીને મારૂ નવું નામ **મોહમ્મદ ખાલિદ ખાન** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **મોહમ્મદ ખાલિદ ખાન**

**સરનામું :** પ્લોટ નં. ૧૮, મંગલમ કોલોની, સેલવાસ રોડ, ડુંગરા, પારડી, ડુંગરા, વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૩

### ડાંગ વહીવટી તંત્ર અને પોલીસનું પ્રશંસનીય સંયુક્ત ઓપરેશન

## ખાપરી નદીના કાંઠે ફસાયેલા ૪૧ પરપ્રાંતિય મજૂરોનું રેસ્કયુ





**આહવા, તા. ૦૩ :** રાજ્યભરમાં ભારે વરસાદની આગાહીના પગલે ડાંગ જિલ્લામાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ખાપરી નદીના જળસ્તરમાં અચાનક વધી જતાં, પૂરની સ્થિતિ નિર્માણ પામી હતી. આ વિકટ પરિસ્થિતિમાં નિલશાક્યા ગામ નજીક ડેમના બાંધકામ અર્થે આવેલા ૪૧ જેટલા પરપ્રાંતિય મજૂરો નદીના કાંઠા વિસ્તારમાં ફસાઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ ડાંગ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસની સંયુક્ત ટીમે ભારે સજાગતા અને તત્પરતા દાખવી તાત્કાલિક અસરકારક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી તમામ લોકોને સહીસલામત સ્થળાંતર કર્યાં હતાં.

ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી. પરમાર અને જિલ્લા પોલીસ વડા શ્રીમતી પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ડિઝાસ્ટર મામલતદાર (આહવા), આહવા પોલીસ વિભાગના જવાનો, ૧૦૮ ઈમર્જન્સી સેવા અને સ્થાનિક નાગરિકોએ ટીમ વર્કનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. નદીના કાંઠા વિસ્તારમાં ફસાયેલા લોકોને કાઢવા માટે પોલીસની ટીમે જંગલના મુશ્કેલ માર્ગ પોલીસ જવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. પોલીસે તમામ ૪૧ મજૂરોને સુરક્ષિત રીતે મૂળચોન્ડ ગામે આવેલા હનુમાનજીના મંદિરમાં આશ્રય અપાવ્યો હતો. ડાંગ જિલ્લા વહીવટી તંત્રની આ સમયસૂચકતા અને માનવીય અભિગમને કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી.

બચાવ કરાયેલા આ પરપ્રાંતિય મજૂરોમાં ૨૧ પુરુષો, ૯ મહિલાઓ અને ૧૧ બાળકોનો સમાવેશ થાય છે. વહીવટી તંત્ર દ્વારા આશ્રય સ્થળે જ તમામ મજૂરો માટે તાત્કાલિક શુદ્ધ પીવાનું પાણી, ફૂડ પેકેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૦૮ ઈમર્જન્સી સેવા મારફતે તમામને સ્વાસ્થ્યની તબીબી તપાસ કરાવી જરૂરી આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

જિલ્લા પોલીસ વડા પૂજા યાદવે આશ્રય સ્થાનની રૂબરૂ મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી અને મજૂરો તેમજ તેમના પરિવારો સાથે સંવેદનશીલ સંવાદ સાધ્યો હતો. પોલીસ દ્વારા મજૂરોની રહેવાની વ્યવસ્થા ગોઠવવાની સાથે હવે તેઓને સુરક્ષિત રીતે પોતાના વતન પરત મોકલવાની વહીવટી પ્રક્રિયા પણ હાથ ધરી છે.

## ગણદેવી અંબિકા નદીએ ભયજનક સપાટી વટાવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૩ :** ગણદેવી અંબિકા નદી શુક્રવારે સાંજે ૧૫.૬૧ ફૂટે વહેતી હતી. દરમિયાન સાંજે ૬ કલાક બાદ તેની જળ સપાટીમાં એકાએક તોતિંગ વધારો જોવાયો હતો અને અંબિકા નદી જોતજોતામાં ૨૮ ફૂટની ભયજનક સપાટી વટાવી ૩૨.૦૪ ફૂટની સપાટી આંબી ગઈ હતી. જેને કારણે બીલીમોરા ધોબીતળાવ, વાડિયા શીપ યાર્ડ, બંદર, દેવધા ગામ, ભાઠા, ઘોલ, કલમઠા સહિત કાંઠા વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારમાં લોકો માં અજંપાભરી સ્થિતિ જોવાઈ હતી. તંત્રએ લોકોને સુરક્ષિત જગ્યાએ જવાની હાંકલ કરી હતી.

---

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**સેલવાસ નગર પાલિકા**

**નિવિદા આમંત્રણ સુચના**

**કાર્ય નું નામ:** વર્ષ ૨૦૨૬-૨૭ માટે સિલવાસા નગરપાલિકા વિસ્તારના રસ્તાઓના સમારકામ માટે જરૂરી વિવિધ સામગ્રીની ખરીદી.

| | |
|---|---|
| ટેન્ડર સૂચના નં. | ૧૧ of ૨૦૨૬-૨૭ |
| ટેન્ડર ID | 2026_UTDNH_8126_1 |
| દસ્તાવેજ ડાઉનલોડ પ્રારંભ તારીખ | 03/07/2026 ૧૫.00 વાગ્યે |
| પ્રિ - બિડ મીટિંગ ની તારીખ | ----Nil---- |
| બિડ/અપલોડ કરવા માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૦/07/2026 ૧૫.00 વાગ્યે |
| બિડ ઓનલાઇન ખુલવાની તારીખ | ૧૦/07/2026 ૧૫.00 વાગ્યે |
| Web Site : https://dnhtenders.gov.in Mail ID: silvassamunicipalcouncil.com | |
| Phone No. 0260-2633193 Mo. No.: +91 8347472611 | કોઈપણ અન્ય વિગતો: |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

મુખ્ય અધિકારી, સેલવાસ નગર પાલિકા, દાદરા અને નગર હવેલી, સેલવાસ

NO.: IP/DMN/2/5/2026-27/288 DATED : 03/07/2026

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**NOTICE**

**Purpose: Notice U/s 21 of the RFCTLARR Act, 2013 for the Development of Industrial Estate at village Velugam.**

**Village: Velugam.**

Notice U/s 21 No. LAQ/OIDC/Industrial-Estate/Part-II/2024/867, Dated: 24/06/2026

Note: Details can be downloaded from: https:// https://cdn.s3waas.gov.in/s35878a7ab84fb43402106c575658472fa/uploads/2026/06/17823852946608 pdf or by scanning the QR code.

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2026-27/287 DATED : 03/07/2026

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Survey & Settlement, Silvassa - Dadra and Nagar Haveli

**NOTICE**

**Purpose: Limited Tender Notice for Hiring of 07 seater A. C. vehicle for departmental use.**

**Notice No. SKV/GNL/Hiring of Vehicle/410/2026/2291 dated: 24/06/2026**

Note: Details can be downloaded from below mentioned link. https://cdn.s3wars.gov.in/35878e7ab84fb43402106c5756584725a/uploads /2026/06/17823018335076.pdf or by scanning the QR code.

Burvey & Settlement Officer, Silvassa, DNH

NO.: IP/DMN/2/5/2026-27/289 DATED : 03/07/2026

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૧૮/૨૦૨૬

**અરજદાર : પટેલ ડાહ્યાભાઈ કીકાભાઈ,**
**રહે.** સ્કૂલ ફળિયા, ભાગલ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ -૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ડાહ્યાભાઈ કીકાભાઈ,** રહે.સ્કૂલ ફળિયા, ભાગલ, તા.જી.વલસાડએ તેમના દાદી **મંછીબેન દાજીભાઈ પટેલનું** મરણ તા.૦૬-૦૫-૧૯૫૭ના રોજ મોજે. ભાગલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૧૮/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૦૮/૨૦૨૬

**અરજદાર : વિલાશભાઈ બહાદુરભાઈ નાયક**
**રહે.** ૮૦૩, ધુરીયા ફળિયા, સલવાવ, વાપી
તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટાર અને જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી**
**વાપી મહાનગરપાલિકા, તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે, અરજદારશ્રી **વિલાશભાઈ બહાદુરભાઈ નાયક** રહે.૮૦૩, ધુરીયા ફળિયા, સલવાવ, વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના દાદાશ્રી **સ્વ. દેવજીભાઈ ભુલાભાઈ નાયકનું** મરણ તા.૦૫/૧૦/૨૦૦૩ના રોજ મોજે સલવાવ, વાપી તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ,મરણ/રજી૦૮/૨૬/વશી૫૭/૨૦૨૬**
**એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
(કે.પી. કાતરીયા)
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાપી (શહેર)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી.-૨)જ.મ.પ.અ.નં.૫૭/૨૦૨૬

**અરજદાર : રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી**
**ઉ.વ.આ.૭૫, ધંધો-ઘરકામ રહે.** રંઘુભાઈની વાડી, સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. જે.બી. શાહ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી** રહે. રઘુભાઈની વાડી, સરીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **આસીફ રમઝાન કુરેશીનો** જન્મ તા.૦૩-૦૬-૧૯૭૫ના રોજ મોજે - સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૫૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી.-૨)જ.મ.પ.અ.નં.૫૮/૨૦૨૬

**અરજદાર : રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી**
**ઉ.વ.આ.૭૫, ધંધો-ઘરકામ રહે.** રંઘુભાઈની વાડી, સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. જે.બી. શાહ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી** રહે. રઘુભાઈની વાડી, સરીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્રી **સયનાઝ રમઝાન કુરેશીનો** જન્મ તા.૦૨-૦૬-૧૯૮૦ના રોજ મોજે - સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૫૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી.-૨)જ.મ.પ.અ.નં.૫૯/૨૦૨૬

**અરજદાર : રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી**
**ઉ.વ.આ.૭૫, ધંધો-ઘરકામ રહે.** રંઘુભાઈની વાડી, સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. જે.બી. શાહ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સરીગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રસીદાબાનુ રમઝાનભાઈ કુરેશી** રહે. રઘુભાઈની વાડી, સરીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર **નઈમ રમઝાન કુરેશીનો** જન્મ તા.૧૧-૦૫-૧૯૮૭ના રોજ મોજે - સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૫૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૨૫/૨૦૨૬

**અરજદાર : અરવિંદ સર્વદેવ સિંહ**
**રહે.** ફ્લેટ નં.૭, પહેલા માળે, રામ વાટીકા, એપાર્ટમેન્ટ,
મણીબાગ-૨, અબ્રામા, તા.જી.વલસાડ

**વિરૂધ્ધ**

**સામાવાળા : સબ-રજીસ્ટ્રારશ્રી વલસાડ નગરપાલિકા (જન્મ-મરણ)**
**(વલસાડ નગરપાલિકા), તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અરવિંદ સર્વદેવ સિંહ,** રહે.ફ્લેટ નં.૭, પહેલા માળે, રામ વાટીકા એપાર્ટમન્ટ, મણીબાગ-૨, અબ્રામા, તા.જી.વલસાડનાઓએ તેમના પુત્રીશ્રી **સિંહ દિપિકા અરવિંદ**નો જન્મ તા.૦૨/૦૩/૧૯૯૭ના રોજ મોજે અબ્રામા, તા.જી.વલસાડ ખાતે થયેલ છે. જેઓના પુત્રીના જન્મની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા નિમેલ વહીવટદાર અથવા વકીલ મારફત સદરહું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરીએ વાંધો લેખિતમાં રજુ કરવાનો રહેશે. જો ઉક્ત સમય મર્યાદામાં કોઈ વાંધા નહી આવે તો કોઈને વાંધો કે હરકત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ/રજી.નં.૨૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (શહેર)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, વલસાડ તા.વલસાડ જી.વલસાડ - ૩૯૬૦૦૨**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
વલસાડ (શહેર)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૬૧૭/૨૦૨૬

**અરજદાર : પટેલ ડાહ્યાભાઈ કીકાભાઈ,**
**રહે.** સ્કૂલ ફળિયા, ભાગલ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ -૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ ડાહ્યાભાઈ કીકાભાઈ,** રહે.સ્કૂલ ફળિયા, ભાગલ, તા.જી.વલસાડએ તેમના દાદા **દાજીભાઈ કારીઆભાઈ પટેલનું** મરણ તા.૧૫-૦૧-૧૯૫૪ના રોજ મોજે. ભાગલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૬૧૭/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**



સૌથી વધુ વલસાડ તાલુકામાં સવારે ૬ થી ૧૦ સુધીમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો

# વલસાડ જિલ્લામાં અતિ ભારે વરસાદ

## ઓવરટેપિંગથી સ્ટેટ હાઈવેના ૩ અને જિ.પં.ના ૩૬ રસ્તાઓ બંધ કરાયા : શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ : એનડીઆરએફની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં નિરિક્ષણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** હવામાન વિભાગ દ્વારા વલસાડ જિલ્લામાં તા. ૬ જુલાઈ સુધી અતિ ભારે વરસાદની આગાહીને પગલે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં તા. ૨ જુલાઈ સવારે ૬ થી તા. ૩ જુલાઈના રોજ સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં ૭૪.૪૩ મી.મી વરસાદ ખાબક્યો હતો. લસાડ જિલ્લા પુર નિયંત્રણ કક્ષના જણાવ્યા મુજબ, આજે તા.૩/૭/૨૦૨૬ ના રોજ સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વલસાડ તાલુકામાં ૧૯૯ મી.મી., અને સૌથી ઓછો વરસાદ ઉમરગામ તાલુકામાં ૩૮ મી.મી.નોંધાયો છે. દિવસભર વરસેલા ભારે વરસાદના કારણે જિલ્લામાં નદી-નાળા અને કોઝવે છલકાતા અનેક રસ્તાઓ પર પાણી ભરી વળતા જિલ્લા પંચાયત હસ્તકના કુલ ૪૧ રસ્તા વાહન વ્યવહારની અવરજવર માટે બંધ કરવામાં આવ્યા હતા. જેમાં પારડી તાલુકામાં ૧૮, વલસાડ તાલુકામાં ૨૨ અને ઉમરગામ તાલુકામાં ૧ રસ્તાનો સમાવેશ થાય છે. ઓવરટેપિંગ વાળા રસ્તા પર કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

વાહનચાલકો તેમજ રાહદારીઓને ડાયવર્ઝન વાળા રસ્તા પરથી જવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયુ છે.

વલસાડ જિલ્લા ડિઝાસ્ટર મામલતદાર એચ.એચ.કાકલોતરે જણાવ્યું કે, કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા પર ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. એનડીઆરએફની ટીમ દ્વારા પણ વિવિધ વિસ્તારોની મુલાકાત લેવામાં આવી રહી છે. અતિભારે વરસાદને કારણે ધરમપુર, કપરાડા અને વલસાડ તાલુકાની તમામ સ્કૂલ અને કોલેજો બંધ રાખવી જરૂરી જણાતા રજા જાહેર કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતુ કે, અતિભારે વરસાદ વરસતા ઓવરટેપીંગના કારણે ત્રણ સ્ટેટ હાઈવે (૧) વલસાડ-ગુંદલાવ, ખેરગામ, આછવણી અને પાણી ખડક રોડ, (૨) પારડી તાલુકામાં પારડી વેલપરવા, આમલી, તરમાલિયા રોડ અને પારડી તાલુકામાં જ ઉમરસાડી દેસાઈવાડ રોડ બંધ કરવામાં આવ્યા છે. તથા ઓવરટેપિંગના કારણે જે કોઝવે ડૂબાણમાં ગયા છે ત્યાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બેરીકેટ મુકવા તથા પોલીસ બંદોબસ્ત રાખવા સંબંધિત અધિકારીને જાણ કરવામાં આવી છે. બીજી બાજુ ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં વલસાડ, નવસારી, ડાંગ, તાપી અને સુરત જિલ્લામાં છુટા છવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અને જરુરી તકેદારીના પગલા સુનિતિ કરી, જરૂરી પગલાંઓ લેવા જણાવાયું છે.

## જિલ્લામાં આજનો અને અત્યારસુધીનો કેટલો વરસાદ?

મેઘરાજાએ રાહ જોવડાવ્યા પછી પોતાની શરુ પહેલી પહેલી ઈનિંગમાં આજસુધીનો વલસાડ જિલ્લામાં સિઝનનો કુલ ૧૫.૩૩ ઈંચ વરસાદનો સ્કોર નોંધાવ્યો છે. આજે સાંજે ૬ કલાક સુધીમાં જિલ્લાના ૭ તાલુકામાં સરેરાશ ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. તાલુકા મુજબ જોઈએ તો વલસાડ તાલુકામાં સૌથી વધુ ૧૯૯ મી.મી. એટલે કે ૮ ઈંચ, (સિઝનનો કુલ વરસાદ ૨૧.૪૪ ઈંચ) ધરમપુરમાં આજે ૯૦ મી.મી. (સિઝનનો ૧૦.૫૬ ઈંચ), પારડીમાં આજે ૮૯ મી.મી. (સિઝનનો ૧૫.૮૮ ઈંચ), કપરાડા ૧૦૧ મી.મી. (સિઝનનો ૧૧.૦૪ ઈંચ), ઉમરગામમાં ૩૮ મી.મી. (સિઝનનો ૨૧.૬૦ ઈંચ), વાપીમાં ૭૧ મી.મી. (સિઝનનો ૧૬.૮૮ ઈંચ) અને નાનાપોંઢામાં ૧૦૩ મી.મી. (સિઝનનો ૯.૫૬ ઈંચ) વરસાદ નોંધાયો છે. સિઝનમાં અત્યારસુધીમાં સૌથી ઓછો વરસાદ નાનાપોંઢા તાલુકામાં જયારે સૌથી વધુ ઉમરગામ તાલુકામાં નોંધાયો છે.

# નાનાપોઢા તાલુકામાં ભારે વરસાદથી ૨૦થી વધુ વીજપોલ ધરાશાયી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૦૩ :** નાનાપોઢા તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદ અને પવનના કારણે દક્ષિણ ગુજરાત વીજ કંપનીને નોંધપાત્ર નુકસાન થયું છે.

નાનાપોઢા સબ ડિવિઝનના કાર્યક્ષેત્રમાં ૨૦થી વધુ વીજ પોલ ધરાશાયી થતાં અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. કેટલાક સ્થળોએ વીજ લાઈનો તૂટી પડતાં સુરક્ષાના પગલાં તરીકે તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દક્ષિણ ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ, ઈજનેરો અને કર્મચારીઓ વહેલી સવારથી જ સ્થળ પર પહોંચી મરામત કામગીરીમાં જોડાઈ ગયા હતા. ભારે વરસાદ વચ્ચે પણ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરતાં તૂટેલા પોલ બદલવા, વીજ લાઈનોનું સમારકામ કરવા અને વીજ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા.

વહીવટી તંત્ર અને વીજ કંપનીની સંયુક્ત કામગીરીના પરિણામે મોટા ભાગના અસરગ્રસ્ત વિસ્તારોમાં પુનઃ વીજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો છે. બાકી રહેલા વિસ્તારોમાં પણ કામગીરી ઝડપથી ચાલી રહી છે. અધિકારીઓએ લોકોને તૂટેલા વીજ તારથી દૂર રહેવા અને કોઈપણ વીજ સંબંધિત સમસ્યા જણાય તો તાત્કાલિક વીજ કંપનીને જાણ કરવાની અપીલ કરી છે.

## પળગામમાં વીજ કરંટથી ભેંસનું કરૂણ મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૩ :** વલસાડ જિલ્લામાં પડી રહેલા અતિ ભારે વરસાદ દરમિયાન ઉમરગામ તાલુકાના પળગામે તા. ૨ જુલાઈના રોજ સાંજે ૫-૩૦ કલાકે ઘાસ ચરવા ગયેલી ભેંસ વીજ કરંટ લાગવાના કારણે મરણ પામી હતી. જે અંગેની જાણ દક્ષિણ ગુજરાત વીજ કંપનીને થતા તુરંત જ વીજ પાવર બંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધામણીમાં વરસાદથી મકાન ધરાશાયી થતાં વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૩ :** ધામણી ગામના ચારીપાડા ફળિયા ખાતે ભારે વરસાદના કારણે કાચું મકાન ધરાશાયી થતાં ઘરના વૃદ્ધ ધાકલભાઈ ધવળુભાઈ કેસરે આશરે ઉંમર ૬૮નાઓ કાટમાળ નીચે દબાઈ જતા ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળેજ કરુણ મોત નીપજ્યું હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી ઘટનાની જાણ થતાં વહીવટીતંત્ર અને આગેવાનો



ઘટનાસ્થળે ધસી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## તમાકુ-ગુટખા વેચતા ૧૯, જાહેરમાં ધુમ્રપાન કરતાં ૭ દંડાયા



**વલસાડ, તા. ૦૩ :** વલસાડ તાલુકામાં આજુબાજુના વિસ્તારમાં જિલ્લા આરોગ્ય ખાતાની ટાસ્ક ફોર્સ દ્વારા તમાકુ - ગુટખાનું વેચાણ અને ધ્રુમપાન અંગે આકસ્મિક ચેકિંગ હાથ ધરાયુ હતું. આ દરમ્યાન ૧૯ દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર ૭ લોકો પાસેથી રૂ. ૫૧૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ અને ફૂડ અને ડ્રગ્સ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા વલસાડ તાલુકામાં વલસાડનાં આજુબાજુના સિટી વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## વીજ ટાવર અને લાઇન વળતરમાં માતબર વધારો

# ગુજરાત સરકારનો ઐતિહાસિક ખેડૂતલક્ષી નિર્ણય

- જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણા દરે વળતર ચૂકવાશે
- ટાવર બેઝ વિસ્તારની ગણતરીમાં ચારેય બાજુ વધારાના એક મીટરનો ઉમેરો કરાયો
- ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોમીના બદલે ૭૨૯ ચોમીનું વળતર ચુકવાશે
- જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા ‘માર્કેટ રેટ કમિટી’ (MRC) ની રચના થશે
- ખેડૂત પ્રતિનિધિઓને સ્થાન મળશે
- અગાઉ ત્રણ તબક્કામાં ચુકવણાના બદલે એકી સાથે શરૂઆતમાં જ ૧૦૦% ચુકવણું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી, ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રી કૌશિક ભાઇ વેકરીયાએ ખેડૂતો સાથે ચર્ચા, વિચાર વિમર્શ અને પરામર્શ કરીને તેમજ ખેડૂતોના આર્થિક હિતને સર્વોપરી રાખીને એક મહત્વપૂર્ણ અને ઉદાર નિર્ણય લેવામાં આવ્યો છે. ખેતરોમાંથી પસાર થતી વીજ લાઇન, વીજ ટાવર ઉભા કરવા બદલ ખેડૂતોને આપવામાં આવતા વળતરમાં સરકારે વધારો જાહેર કર્યો છે.

આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતોને તેમની જમીનનું યોગ્ય અને બજાર આધારિત વળતર મળશે.

ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજ લાઇન માટે અત્યાર સુધી ખેતરમાં વીજ પોલ કે લાઇન નાખવા માટે ખેડૂતોને જંત્રીના બમણા દર (૨૦૦%) લેખે વળતર ચૂકવવામાં આવતું હતું. તે પરત્વે વિવિધ ખેડુત સંગઠનો તરફથી મળતી રજુઆતો અન્વયે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મોટો સુધારો કરીને, જંત્રી આધારિત નહીં પરંતુ જમીનના પ્રવર્તમાન બજાર ભાવ (Market Rate)ના બમણા ભાવ ચૂકવવાનો ખેડૂત હીત લક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.તે ઉપરાંત અત્યાર સુધી ખેતરમાં નંખાતા વીજ ટાવરના બેઝ (પાયા) વિસ્તારના વાસ્તવિક માપ પ્રમાણે જ વળતર અપાતું હતું. હવેથી ખેડૂતોના ફાયદા માટે ટાવરના બેઝ વિસ્તારની દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરીને વધુ વળતર ચૂકવવામાં આવશે. ઉદાહરણ તરીકે; ૭૬૫ કે.વી. લાઇનમાં અગાઉ ૬૨૫ ચોરસ મીટર લેખે વળતર અપાતું હતું,

જેમાં હવેથી દરેક બાજુએ વધારાના એક મીટરની ગણતરી કરી તે મુજબ વધારીને ૭૨૯ ચોરસ મીટર લેખે ચૂકવવામાં આવશે.


અગાઉ જમીન માલિકોને વળતર અંગે, ફાઉન્ડેશન તબક્કે ૪૦%, ઈરેક્શન વખતે ૪૦% તથા વાયર લગાડ્યા બાદ ૨૦% રકમ મુજબની ચુકવણી થતી હતી, તેના બદલે જમીનમાલિકોને એક સાથે અને અગાઉથી વળતર ચૂકવવાનું નિર્ધારિત થયેલ છે.

ખેડૂતોની જમીનની વાસ્તવિક બજાર કિંમત તટસ્થ અને પારદર્શક રીતે નક્કી થઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા એમ.આર.સી. (Market Rate Committee)ની રચના કરવામાં આવશે.

ખાસ વાત એ છે કે આ સમિતિમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ અને ખેડુતોના ઓથોરાઇઝડ માર્કેટ વેલ્યુઅરને પણ સ્થાન આપવામાં આવશે, જેથી ખેડૂતોને અન્યાય ન થાય. માર્કેટ રેટ નિર્ધારણ કરવાની સમિતિમાં કલેક્ટરશ્રી, જમીનમાલિકોના પ્રતિનિધિ અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિ પણ હશે. બીજી તરફ, વીજ લાઇનના રાઇટ ઓફ વે કોરિડોર માટે એમ.આર.સી દ્વારા નિર્ધારીત થયેલ બજાર કિંમતના આધારે વિસ્તાર મુજબ વળતર અપાશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના ૩૦%, નગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં બજાર કિંમતના ૬૦% મુજબ વળતર આપવામાં આવશે.રાજ્ય સરકારે આ નિર્ણયમાં ઉદારતા દાખવતા સ્પષ્ટ કર્યું છે કે, જે ખેડૂતોએ અગાઉ જૂના ભાવ પ્રમાણે વળતર મેળવી લીધું હોય, પરંતુ વીજ લાઇનનું કામ હજી પ્રગતિમાં (ચાલુ) હોય, તેવા તમામ ખેડૂતોને આ નીતિ નો લાભ મળવાપાત્ર રહેશે.



**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાનશ્રી, ભારત સરકાર



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત

### ઉદાહરણ -૧

| | ગુજરાત સરકારના ઠરાવ તા. ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વિઘા = ૩૦લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર માટે - રૂા. ૯૭૯ પ્રતિ ચો.મી.) (ROW કોરીડોર માટે -રૂા.૭૬૧ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂા. ૧૮૫૩.૨૯ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૬.૧૧ લાખ (૬૨૫ ચો.મી.) | ૨૭.૦૨ લાખ (૭૨૯ ચો.મી.) |
| ROW કોરીડોર | ૧૨.૭૪ લાખ (૨૫ % ROW) | ૩૭.૨૫ લાખ (૩૦ % ROW) |

### ઉદાહરણ - ૨

| | ગુજરાત સરકારના ઠરાવ તા. ૦૧.૦૩.૨૦૨૪ મુજબ | પ્રસ્તાવિત (૧ વિઘા = ૨૦લાખ પ્રમાણે) |
|---|---|---|
| | DLVC દર મુજબ (ટાવર અને ROW કોરીડોર માટે રૂા. ૩૮૨ પ્રતિ ચો.મી.) | માર્કેટ રેટ કમિટી (MRC) મુજબ (રૂા. ૧૨૩૫.૫૩ પ્રતિ ચો.મી.) |
| ટાવરના ચાર પાયાથી ઘેરાયેલો વિસ્તાર | ૨.૩૮ લાખ (૬૨૫ ચો.મી.) | ૧૮.૦૦ લાખ (૭૨૯ ચો.મી.) |
| ROW કોરીડોર | ૬.૩૯ લાખ (૨૫ % ROW) | ૨૪.૮૩ લાખ (૩૦ % ROW) |